# વચનામૃતમાં આશરો અને નિશ્ચય





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો( બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે )નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હૉસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો( UNO ) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લૉસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

# વચનામૃતમાં આશારો અને નિશ્ચય

લેખક
પ્રૉ. રમેશ મહીપતરામ દવે

પ્રકાશક
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**VACHANAMRUTMA AASHRO ANE NISHCHAY** (Gujarati Edition)

By Prof. Ramesh M. Dave

**Inspired by:** HH Mahant Swami Maharaj

**Presented by:**
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

**Publishers:**
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

**1st Edition:**
March 2020. Copies: 7,000



**ISBN:** 978-81-7526-960-6

**રજૂકર્તા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**પ્રેરણામૂર્તિ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ



**પ્રથમ આવૃત્તિ :** માર્ચ ૨૦૨૦

**પ્રત :** ૭,૦૦૦

**કિંમત : રૂા. ૧૬-૦૦** (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૨૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

# પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે.

પ્રસ્તુત પુસ્તિકા ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં વર્ણવેલ ભગવાનના આશ્રય અને નિશ્ચયની છણાવટ કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે નિશ્ચયયુક્ત દૃઢ આશ્રયને સર્વશ્રેષ્ઠ અધ્યાત્મિક સાધન દર્શાવ્યું છે. જેને દૃઢ નિશ્ચય અને દૃઢ આશ્રય થાય છે તેને શ્રીહરિની અખંડ સ્મૃતિ રહે છે, શ્રીહરિના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે. આમ, નિશ્ચય, આશ્રય અને અખંડ સ્મૃતિના વચનામૃત કથિત સંદર્ભો સાથે આ પુસ્તિકા આપની સમક્ષ પ્રસ્તુત થાય છે.

સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પ્રૉ. રમેશ મ. દવેનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

**– સ્વામિનારાયણ અક્ષરપીઠ,**

**વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬**

# ક્રમિકા

# આશરો

અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં કહે છે:

'આધાર વિના દૃઢતા રહે નહીં. આધાર તે શું જે, કૂવામાં બૂડતા હોઈએ ને મૂળિયું હાથમાં આવે તો નહીં બુડાય એવી દૃઢતા રહે છે. તેમ પ્રગટ મૂર્તિના આધારથી મોક્ષની દૃઢતા રહે છે.' (સ્વા.વા.: ૫/૧૦૫)

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં કહે છે: 'કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે.'

ભગવાનનો આશ્રય, આશરો કે શરણાગતિનું આધ્યાત્મિક માર્ગમાં અનન્ય મહત્ત્વ છે. સનાતન હિંદુ ધર્મના તમામ ભક્તિમાર્ગો તેનું વિશદ નિરૂપણ કરે છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં વારંવાર ભગવાનના અનન્ય આશ્રયનો મહિમા ઝળહળે છે.

ભગવાન સ્વામિનારાયણ વરતાલ પ્રકરણના પાંચમા વચનામૃતમાં આશ્રયની વિગતે છણાવટ કરે છે. વળી, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં પણ શ્રીહરિએ ભગવાનને પ્રસન્ન કરવાનું મોટું સાધન આશરાને જ કહ્યું છે. એક જ સાધને કરીને ભગવાન રાજી થાય એવો ઉપાય એટલે 'ભગવાનનો દૃઢ આશરો.'

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવેશનાર દરેક મુમુક્ષુને વર્તમાન ધરાવીને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત બનાવવામાં આવે છે. 'વર્તમાન વિધિ' એ શ્રીહરિના આશ્રયના સ્વીકાર કે તેમની શરણાગતિનું પ્રતીક છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં વર્તમાન વિધિ વખતે જે મંત્ર

બોલાવવામાં આવે છે, તેમાં આશરો-શરણાગતિ અનુસ્યૂત છે. એ મંત્ર છે:

'धन्योस्मि पूर्णकामोस्मि निष्पापो निर्भयः सुखी ।
अक्षर-गुरु-योगेन स्वामिनारायण-आश्रयात् ॥'

'આશરો' શબ્દ સંસ્કૃત મૂળ શબ્દ 'આશ્રય' પરથી ઊતરી આવેલો છે. આશ્રય, અવલંબન-આધાર, શરણાગતિ, પ્રપત્તિ, ન્યાસ, આત્મનિવેદન, દાસત્વ (અર્થાત્ કૈંકર્ય) અને પાતિવ્રત્ય (અર્થાત્ પતિવ્રતા ભક્તિ) – આ બધા લગભગ સમાનાર્થી શબ્દો છે. આ બધા શબ્દોના પ્રયોગો દ્વારા 'આશરા'નો જ નિર્દેશ થાય છે.

'આશરા'ની વાત કરીએ ત્યારે ત્રણ મુદ્દાનો નિર્દેશ થાય છે:

(૧) જેનો આશરો કરવાનો છે, એ 'શરણ્ય' પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન,
(૨) આશરે જનાર શરણાગત ભક્ત, જેણે પરબ્રહ્મને રાજી કરીને તેમની કૃપા પ્રાપ્ત કરવાની છે, અને
(૩) શરણાગતિ અર્થાત્ જે રીતે આશરો કરીને (શરણાગતિ સ્વીકારીને) પુરુષોત્તમ ભગવાનના ધામમાં પહોંચી ચિરંતન દિવ્ય સુખ પામવાનું છે.

## આશરાનું સ્વરૂપ

આશરાની વ્યાખ્યા શી? તેનું સ્વરૂપ કેવું છે? એ વિષે વચનામૃત અને 'સ્વામીની વાતો'ના આધારે સમજવાનો પ્રયાસ કરીએ.

સરળ ભાષામાં આશરાનું રૂપ સમજાવતાં 'સ્વામીની વાતો' કહે છે:

"કોઠારમાં હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'હે મહારાજ! આશરાનું શું રૂપ છે?' ત્યારે ઉત્તર કર્યો જે, 'બાયડી-છોકરાંનો આશરો છે તેમ તથા રૂપિયા હશે તો ભૂખે નહીં મરાય એ આશરો, તેમ જ ભગવાન વિના બીજામાં માલ ન માને એ આશરાનું રૂપ. એવો આશરો હોય તેને ભગવાન સાધુનો સંગ આપી, જ્ઞાન આપીને પોતાની પાસે રાખે ને એવા ભક્તની ફકર ભગવાનને છે." (સ્વા.વા. ૫/૨૪૩)

માટે 'આપણે સર્વે આપીને ભગવાન રાખવા.' (સ્વા.વા. ૫/૨૪૮)

શ્રીજીના પ્રસાદીના પત્રો'માં જણાવ્યું છે:

'માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્યે ભજન કર્યા કરવું

અને દેવ-દેવીનો ભય રાખવો નહીં. આપણે તો ભગવાનના ભક્ત છૈયે, માટે હરિભક્તોને તો કોઈ રીત્યનો મનમાં ભય રાખવો ઘટે નહીં, અને મંત્ર-જંત્ર-ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત! પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી, જે બહુ મંત્ર-જંત્ર જાણે છે તે પણ મરી જાય છે. ...માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહી, નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો.'

(શ્રીજીના પ્રસાદીના પત્રો, પાનું ૭-૮)

આશરાનું રૂપ સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ ભગવદ્‌ગીતાનો શ્લોક ટાંકીને કહે છે:

"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।(૧૮/૬૬)

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર્ય.' અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય (આશરો) તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય." (વચ. વર. ૫)

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫માં શુકમુનિ અને ભગવાન સ્વામિનારાયણનો સંવાદ પણ આશરાની સુંદર છણાવટ કરે છે:

- "હે મહારાજ! જેના હૃદયમાં ભગવાનનો અને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય, જે આશ્રય ગમે તેવો આપત્કાળ આવી પડે ને દેહને સુખ-દુઃખ, માન-અપમાન, દેશકાળનું વિષમપણું ઈત્યાદિકે કરીને જાય નહીં, તે કેમ જણાય જે, 'એને એવો આશ્રય છે? અને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર તે કેવો હોય? તે કહો."

  ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે ભક્તને એક ભગવાનને વિષે જ મોટ્યપ હોય ને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક ન જાણતો

હોય ને ભગવાન વિના બીજા સર્વેને તુચ્છ જાણતો હોય; તથા પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુ તે મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે, ત્યારે જે મૂંઝાય નહીં... ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મૂકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમ જ સરલપણે વર્તે. એવી બે પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે.''

દૃઢ આશ્રયની વધુ સ્પષ્ટતા કરતાં શ્રીહરિ વચનામૃતમાં કહે છે:

- 'જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશય દૃઢ ભગવાનનો આશ્રય હોય, તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી; અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે. જેમ કાચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઈ લાલચ રાખે નહીં. અને તેને સાંભળતાં કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહીં. તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે, તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહીં અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે; અને જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય, તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે. અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહીં થાય.' (વચ. લો. ૧૦)

## માયા તરવાનો ઉપાય

વરતાલ પ્રકરણના પાંચમા વચનામૃતમાં ભગવદ્ગીતાનો શ્લોક ટાંકીને મુક્તાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન પૂછતાં ભૂમિકામાં કહે છે:

'दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥' (૭/૧૪)

અર્થાત્ ભગવાન કહે છે: મારી આ ત્રણ ગુણવાળી દૈવી અલૌકિક માયા તરવી મુશ્કેલ છે, પરંતુ જે મનુષ્યો મારું જ શરણું લે છે, તેઓ આ માયાને

તરી જાય છે.

આમ, ભગવાનનો દૃઢ આશ્રય એ દુર્ગમ માયાને તરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. પરંતુ ભગવાનનો સાચો આશ્રિત કે શરણાગત ભક્ત કોને કહેવાય?

ભગવાન સ્વામિનારાયણ એ જ વચનામૃતમાં કહે છે:

- 'ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુની જે મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય.' (વચ. વર. ૫)

એટલું જ નહીં, ભગવાનના આશ્રિતે પ્રત્યક્ષ ભગવાનનો કેવો મહિમા સમજવો જોઈએ તેની વધુ સ્પષ્ટતાં કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

- ''સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડનાં... અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું? તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચારને પામે નહીં. ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ. ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશ.'' (વચ. અમ. ૭)

ભક્તિમાતાનો અંતકાળ નજીક આવ્યો ત્યારે બાળ ઘનશ્યામ પ્રભુ સાથેના સંવાદમાં ભક્તિમાતા કહે છે:

'હે પ્રભુ! સંસારના સુખમાં મને વૈરાગ્ય થયો છે અને મોક્ષની ઈચ્છા થઈ છે, માટે હું તમારે શરણે આવી છું. મને મોક્ષમાર્ગનાં સાધન કહો.' (હરિગીતા; પ્ર.-૧/અ-૩૨/શ્લોક-૧)

ત્યારે ઘનશ્યામ ભક્તિમાતાને ઉપદેશ આપે છે: 'હે માતા! સંસારનાં બંધનોથી છૂટવા માટે એક પુરુષોત્તમ નારાયણનું જ શરણ સ્વીકારવું. જે લોકો

પરમાત્માને શરણે જાય છે, તેઓ દુષ્કર એવી માયાને પણ પ્રભુકૃપાથી તરી જાય છે.' (હરિગીતા : ૧/૩૨)

જ્યારે ભગવાનનું શરણું સ્વીકારી આશરો કરીએ છીએ, ત્યારે આપણે આપણી સ્વેચ્છાએ મનમાન્યું કરવાની વૃત્તિનો ત્યાગ કરીએ છીએ, પરબ્રહ્મ પુરુષોત્તમ જે શાશ્વત સુખ, રક્ષા, સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ-પ્રાપ્તિ અને આત્યંતિક મુક્તિના દાતા છે, તેમનામાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવીએ છીએ અને મન-કર્મ-વચને સમર્પિત થઈએ છીએ. તેથી જ એ ભગવાનની આપણા પર કૃપા થાય છે અને આપણે પરમપદના અધિકારી થઈએ છીએ. અને હવે આપણી બધી જ જવાબદારી શ્રીહરિ પર રહે છે. અને આપણે હવે શ્રીહરિની પ્રસન્નતા થાય અને રાજીપો સદાય રહે તે માટે તેમણે સૂચવેલા બધા નિયમ-ધર્મો, સમજણ અને નિષ્ઠા દઢપણે રાખવાનાં રહે છે. આવા સમર્પિત ભક્તના યોગક્ષેમનું વહન ભગવાન કરે છે.

આ જ વાત સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આ રીતે દઢાવે છે :

*સુખ પામી રે સખી સુખ પામી,*
*હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી.*
*શરણાગતને પાળે સદા બહુનામી,*
*મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી.*

ભગવાનના શરણે જે આવે છે તે નિર્ભય અને નિશંક બને છે. એવા સાચા શરણાગત ભક્તને દેવ-દેવીના મંત્ર- તંત્ર-જંત્ર સહિત કશાયનો ભય હોવો જોઈએ નહીં.

'શ્રીજીના પ્રસાદીના પત્રો'માં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

'માટે એક પરમેશ્વરનો આશ્રય રાખીને નિત્યે ભજન કર્યા કરવું અને દેવ-દેવીનો ભય રાખવો નહીં. આપણે તો ભગવાનના ભક્ત છૈયે માટે હરિભક્તોને તો કોઈ રીત્યનો મનમાં ભય રાખવો ઘટે નહીં, અને મંત્ર-જંત્ર ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત, પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી, જે બહુ મંત્ર-જંત્ર જાણે છે તે પણ મરી જાય છે. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો અને કેવળ ભગવાનનો જ દઢ વિશ્વાસ રાખજો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થશે. ...માટે પરબ્રહ્મ-પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે

રહીને નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો.'[1]

આમ, પરમાત્માની શરણાગતિથી નિર્ભય થવાય છે. પરિણામે દિવ્ય આનંદ અને કેફનો અનુભવ થાય છે. પરંતુ એવા કેફના છકમાં આવી જઈને ભગાને આપેલા નિયમ-ધર્મ- આજ્ઞાનો લોપ ન થવો જોઈએ.

શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮માં કહે છે:

- "અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણે સર્વે ભેળા રહીશું. અને જો એમ નહીં રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો. અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો."

## શ્રીહરિના અખંડ ધારક ગુરુનો આશરો

ભગવાન સ્વામિનારાયણને વચનામૃતમાં ભગવાનના દૃઢ આશ્રયનો વારંવાર બોધ અને આદેશ આપ્યો છે. પરંતુ સાથે સાથે ભગવાનના અખંડ ધારક ગુણાતીત સંતના આશ્રયનો પણ બોધ આપ્યો છે. એવા સંત, જેને માટે વચનામૃત અને શાસ્ત્રોમાં પરમ ભાગવત સંત, પરમ એકાંતિક સંત, સત્પુરુષ, ગુણાતીત, સ્થિતપ્રજ્ઞ, વડવાનળ અગ્નિ જેવા સત્પુરુષ, ભગવાનના મળેલા ભક્ત-સંત, પ્રિય ભક્ત વગેરે શબ્દો પ્રયોજ્યા છે. એવા સંતના આશ્રયથી આધ્યાત્મિક માર્ગે એટલો લાભ થાય છે, જેટલો ભગવાનના આશ્રયથી થાય છે. એટલે જ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ વારંવાર ભગવાનના આશ્રયની સાથે એવા સત્પુરુષના આશ્રયની વાત ઉચ્ચારે છે.

જુઓ શ્રીહરિનાં શ્રીમુખનાં કેટલાંક વચનો...

- "સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ

---

૧. પાનું-૭-૮, સંપાદક: માધવલાલ દલસુખરામ કોઠારી.

ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે; એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે.''

વળી, વચનામૃત જેતલપુર પ્રકરણના પહેલામાં માયાને તરવાનો કે માયા અને કર્મના નાશનો ઉપાય દર્શાવતાં શ્રીહરિ પુનઃ એવા સંતના આશ્રય પર ભાર આપે છે:

- ''માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે.''

વચનામૃત વરતાલ પ્રકરણ ૧૪માં શ્રીહરિ પુનઃ સત્પુરુષના આશ્રયનો મહિમા ઉચ્ચારતાં કહે છે:

- ''સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે.''

શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે:

'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मणि उपशमाश्रयम् ॥'

આત્યંતિક કલ્યાણની ઈચ્છાવાળા મુમુક્ષુએ શાસ્ત્રોના સાચા અર્થ જાણનારા બ્રહ્મસ્વરૂપ સંત જે પરબ્રહ્મની ઉપાસના-ભક્તિમાં નિષ્ઠાવાન હોય એવા ગુરુને શરણે જવું.

ટૂંકમાં, ભગવાન અને એમના ગુણાતીત સંતના આશરાનું આધ્યાત્મિક માર્ગે અનન્ય મહત્ત્વ છે. વચનામૃત દ્વારા શ્રીહરિ તેનો વારંવાર ભારપૂર્વક આદેશ આપે છે. અનન્ય આશરાવાળો મુમુક્ષુ દૃઢ વિશ્વાસ અને સમજણપૂર્વક ભગવાનની ભક્તિથી કૃતાર્થ અને ધન્ય થાય છે.

## આશરામાં ભેદ

આશરામાં ત્રણ ભેદ છે – (૧) મૂઢપણું, (૨) પ્રીતિ, અને (૩) સમજણ.

જેને મૂઢપણાનો આશરો હોય તેને બ્રહ્મા જેવા કોઈ ડોલાવે તોય પણ તે ભગવાનના આશરામાંથી ડોલે નહીં.

પ્રીતિવાળા આશરામાં પરમેશ્વર વિના બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ

કરે તોપણ થાય નહીં.

સમજણવાળાને બુદ્ધિ વિશાળ હોય. તે ભગવાનનું સગુણ-નિર્ગુણપણું તથા અન્વય-વ્યતિરેકપણું સમજતો હોય. તેને માયા થકી (ઉત્પત્તિ) સર્ગ, ભગવાના અવતાર ધર્યાની રીત તથા ભગવાન કયા કયા રૂપે વર્તે છે વગેરે સમજીને ભગવાનને સર્વથી પર સમજે. (વચ. ગ.પ્ર. ૩૩ને આધારે)

આમ, સમજણવાળો બુદ્ધિએ કરીને આશરો કરે છે, તેથી તેનો આશરો કોઈ બીજાથી ટાળ્યો કે પોતાનો ટાળ્યો પણ ટળે નહીં. ભલે ભગવાન સમર્થપણે વર્તતા હોય કે અસમર્થપણે વર્તતા હોય પણ તેની બુદ્ધિમાં ક્યારેય ભ્રાંતિ પડે નહીં. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩ને આધારે)

આવો સમજણયુક્ત જેને આશ્રય હોય, તેને ભગવાનનું સ્વરૂપ સદા સાકાર સમજાય. શ્રીમદ્‌ભાગવતના 'દ્વિતીય સ્કંધમાં જ્યાં આશ્રયનું રૂપ કર્યું છે ત્યાં પણ ભગવાનનું સ્વરૂપ ભક્તિહીન હોય તેને નિરાકાર સમજાય છે. ...માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દઢ રાખવો અને વાત પણ એવી કરવી જે, કોઈને ભગવાનનો આશ્રય હોય તો તે ટળે નહીં...' (વચ. ગ.મ. ૧૦)

'સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે ? તેને હું વરું.' ...પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વે ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા. ...પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં. માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દઢ આશ્રય કરવો તેનું નામ જ ભક્તિ છે.' (વચ. ગ.મ. ૧૦)

દઢ આશ્રયવાળાને ભગવાનનાં પ્રાકૃત ચરિત્રને વિષે પણ દિવ્યપણું જણાય. અને તે પરમેશ્વરનો સાચો ભક્ત જાણવો. (વચ. ગ.મ. ૧૦)

જેને પ્રગટ સત્પુરુષ થકી ભગવત્સ્વરૂપ સંબંધની વાર્તા સ્પષ્ટ સમજાણી હોય અને દઢ નિષ્ઠા થઈ હોય, એવો દઢ આશ્રયવાળો જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહીં, પણ કદાચિત ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય તોપણ તે દઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગમાંથી પડી જાય નહીં. માટે એ જે ભગવાનનો દઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી.

(વચ. ગ.મ. ૧૩ પ્રમાણે)

દૃઢ નિશ્ચયવાળો હોય તેને ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી – એવો દૃઢ નિશ્ચય હોય. અને એ જ માયાને તરી ચૂક્યો છે, કારણ કે તે તો પ્રગટ ભગવાનને હંમેશાં માયાના ગુણથી પર સમજે છે. (વચ. વર. ૫ને આધારે)

## પ્રત્યક્ષ ભગવાનનો આશરો

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

'આપણું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાનને આશરે કરીને છે.' (સ્વા.વા. ૧/૧૯૩)

'તપ કરીને બળી જાય તોપણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે ને હિંડોળા-ખાટમાં સૂઈ રહે ને દૂધ-સાકર ને ચોખા જમે ને સેવાના કરનારા ને રળનારા બીજા હોય તોપણ તેને અંતસમે વિમાનમાં બેસારીને ભગવાન તેડી જાય, જો ભગવાનનો દૃઢ આશરો હોય તો. માટે મોક્ષનું કારણ આશરો છે.' (સ્વા.વા.૧/૧૭૨)

દૃઢ આશ્રયવાળાને અર્જુનની જેમ ભગવત્સ્વરૂપનું બળ હોય. તેથી જ મહાભારતની લડાઈમાં અનંત દોષ થયા તોપણ લેશમાત્ર અર્જુન મનમાં ઝાંખા થયા નહીં અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા. તેથી જ જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય. અને તે જ પાકો સત્સંગી કહેવાય. માટે ભગવાનના સ્વરૂપનો મહિમા સમજીને, અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એ જ અતિ સારમાં સાર છે. (વચ. ગ.મ. ૯ને આધારે)

'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો; તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.' (વચ. વર. ૧૦)

અહીં 'ભગવાનને મળેલા' શબ્દો બહુ અર્થગાંભીર્યવાળા છે. 'મળેલા' એટલે જેણે ભગવાનને અખંડ ધારી રાખ્યા છે, જેમનામાં વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ પ્રમાણે ભગવાન અંગોઅંગમાં સમ્યક્ પ્રકારે રહેલા છે અને જેના દ્વારા ભગવાન પૃથ્વી પર પ્રગટ રહીને દર્શન, પ્રસાદી, વાતો, મળવું અને

મુક્તિ... બધું જ પોતાના આશ્રિતને આપે છે, એવા પરમ એકાંતિક સંતની અહીં વાત છે.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં આશરાનું રૂપ કહ્યું કે 'કોઈક આપણા મંદિરમાં કાલનો આવેલો હોય ને તે માંદો પડે ને વીસ વરસ માંદો રહે તોપણ તેની ચાકરી આપણે કરવી પડે. ને વળી જેમ ગૃહસ્થનાં બાયડી-છોકરાંને તેનો આશરો છે, (તો) તે દેશ-પરદેશમાં જઈને તેની ખબર રાખે છે, તેમ ભગવાન પોતાના આશ્રિતની ખબર રાખે છે.' (સ્વા.વા. ૧/૧૬૭)

એટલું જ નહીં પરંતુ, 'જેમ ગૃહસ્થ પોતાની મા, બેન, દીકરીને ઉઘાડાં દેખે તો અવળું જોઈ જાય પણ સામું ન જુએ; તેમ ભગવાન પણ પોતાના આશ્રિતના દોષ સામું જોતા નથી.' (સ્વા.વા. ૧/૨૧૬)

કહેવાનો હાર્દ એટલો જ છે કે આપણે વર્તમાન ધરાવીને એમના થયા અને એમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવા માંડીએ, પછી તેઓ આપણી ફિકરમાં રહે છે અને આપણું શ્રેય સાચવી લે છે. આપણે શ્રદ્ધા-વિશ્વાસ અને જાગરૂકતાપૂર્વકના પ્રયત્નો-પુરુષાર્થ વડે તેમને રાજી કરવાના ધ્યેયમાં લાગ્યા રહેવાનું હોય છે. આપણી ગમે તેવી ખોટ હશે, ભૂતકાળની ભૂલો હશે કે અપૂર્ણતા હશે તોપણ આશરો કર્યો છે, તો તેઓ સંભાળી લેશે. જેમ, ઈન્દ્રે વામનજીનો આશરો કર્યો તો ચાર-ચાર બ્રહ્મહત્યાનું પાપ ટળી ગયું. માટે આશરો મોટી વાત છે. (સ્વા.વા. ૧/૨૯૩ને આધારે)

આશરાવાળાને વચનામૃત વરતાલ પ્રકરણ ૫ પ્રમાણે – મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે સુખ પોતાને જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે અને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે વર્તે. એવો (આશરાવાળો) હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય ને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

આવા અનન્ય શરણાગત (આશરાવાળા ભક્ત) માટે 'ગુરુભજન-સ્તોત્ર'માં કહ્યા મુજબ –

'शरणागत-पापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् ।
अणुमप्यतुलं हि मन्यते सहजानंदगुरुं भजे सदा ॥'

શરણાગતના પર્વત જેટલાં ઊંચાં પાપના ઢગલાને આપ ગણતા નથી, અને તેના અણુ જેટલા પણ સદ્‌ગુણને અતિશય મોટા માનનારા એવા મારા સહજાનંદ ગુરુને સદાય ભજું છું. (રચયિતા: દીનાનાથ ભટ્ટ)

કારણ કે પ્રગટ પ્રભુના સમાશ્રય (આશરા) વિના એકાંતિક ધર્મ સિદ્ધ થઈ શકતો નથી, બ્રહ્મરૂપની સ્થિતિ પ્રાપ્ત કરી શકાતી નથી અને આત્યંતિક કલ્યાણ થતું નથી.

તેથી જ 'સત્સંગિજીવન' ગ્રંથમાં કહ્યું છે:

'साक्षात् भगवतः संगात् तद्‌भक्तानां च वेदृशाम्।
धर्मो ह्येकांत एषोऽत्र प्राप्यते नान्यथा क्वचित्॥' (૪/૬૭/૩૪)

સાક્ષાત્ પ્રત્યક્ષ ભગવાનના સંગ-પ્રસંગ થકી તથા તેમના પરમ એકાંતિક ભક્તના સંગ-પ્રસંગ થકી જ મુમુક્ષુઓ એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકે છે. પણ તે સિવાય બીજી કોઈ રીતે એ એકાંતિક ધર્મ પ્રાપ્ત થતો નથી.

તેથી જ સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી તેમના કીર્તનમાં લખે છે:

*'દુ:ખ તણો દરિયાવ મોટો નહિ શકો તરી;*
*શામળિયાને શરણે જાતાં જાશો ઉગરી.'*

'ભાગવતમાં દસ લક્ષણ કહ્યાં, તેમાં છેલ્લો આશ્રય કહ્યો. તે કલ્યાણ તો આશરા વડે જ છે.' અને શ્રીહરિ તો ત્યાં સુધી કહે છે કે 'જે વેરબુદ્ધિએ આશર્યા તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું, તો જે ભક્ત ભક્તિએ કરીને ભગવાનનો આશરો લેશે ને ભગવાનને ભક્તિએ કરીને રાજી કરશે તેનું ભગવાન કેમ કલ્યાણ નહીં કરે? કરશે જ.' (વચ. ગ.અં. ૩૫)

વળી, વચનામૃત વરતાલ પ્રકરણ ૧ પ્રમાણે, આશ્રયરૂપ જે ભગવાનનું સ્વરૂપ તેને વિષે જે મુમુક્ષુની અચળ મતિ થઈ, જેમ આ આંબાનું વૃક્ષ છે તે એક વાર દૃઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે, તોપણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે, 'આંબાનું વૃક્ષ હશે કે નહીં હોય? તેમ જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તોપણ એને નિર્વિકલ્પ સમાધિ છે. ...અને અવશ્ય તેનું આત્યંતિક કલ્યાણ થાય છે.'

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને(૧/૧૬) વિષે પૃથ્વી ને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રીકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેનાં ઓગણચાલીસ

લક્ષણ કહ્યાં છે ને એકાદશ સ્કંધને વિષે(૧૧/૧૧/૨૯-૩૩) શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે. માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ કલ્યાણ થાય છે. (વચ. વર. ૧૦)

માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તેથી જ કહે છે:

*'એનો જે જને કીધો આશરો, તે તો તરી ગયા રે,*
*કુળ સહિત સંસાર, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.*
*જેનું શરણું ગ્રહે સુખ પામીએ, વેગે નાસે રે મોહ માયાના પાશ,*
*પધાર્યા અખંડ સુખ આપવા.*
*જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે પામે ભવજળ પાર,*
*પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.'*

જે ભગવાન કે સત્પુરુષને આશરે જાય અને શરણું સ્વીકારે તે બધા જ પાપ થકી મુક્ત થઈ જાય છે.

ભાદર નદીને કિનારે ગામ લીલાખામાં રહેતો ચારણ મુંજો સૂરુ રોજ પશુપંખીની હત્યા કરે અને ભરવાડોનાં ઘેટાં-બકરાં ઉપાડી જાય. એક વાર શિકાર કરીને નદીમાં પાણી પીવા ગયો. ત્યાં તેણે સંતોને ધ્યાનમગ્ન જોયા. તેને અતિશે ગુણ આવ્યો. પાસે આવીને સંતોને પગે લાગ્યો. મુંજાની ઝોળીમાં મરેલાં સસલાં, બંદૂક, જમૈયો અને તીરકામઠાં હતાં. તેનાં કપડાંય લોહીથી ખરડાયેલાં હતાં. પણ તેનું અંતઃકરણ સંતો તરફ ખેંચાયું. તે વખતે ગુણાતીતાનંદ સ્વામીએ મુંજાને ઉપદેશ આપ્યો ને સ્વામિનારાયણના આશ્રિત થવા તૈયાર કર્યો. ઉપદેશ તેના હૃદય સોંસરો ઊતર્યો. તેથી મુંજો સૂરુ સ્વામીના

પગમાં પડી ગયો અને બોલ્યો: ‘સ્વામી! મેં એક પાપ બાકી રાખ્યું નથી. હું ખૂબ પાપી છું, પણ આજ તમારે શરણે આવ્યો છું. આપનો આશરો કરું છું. મને ઉગારો.’ તરત જ ગુણાતીતાનંદ સ્વામીએ તેને વર્તમાન ધરાવી ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત કર્યો. કંઠી પહેરાવી પાપમુક્ત કર્યો. પછી તો ધીરે ધીરે સત્સંગ કરતાં કરતાં મુંજો ખરેખરો ભક્ત થઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ એક દૃષ્ટાંત ઘણી વાર આપતા. એક બકરી જંગલમાં ભૂલી પડી ગઈ. ત્યાં તેણે દૂર એક સિંહની બોડ જોઈ. અંદર સિંહ સૂતો હતો. બકરી બોડની બહાર સહેજ દૂર બેસી ગઈ. દૂરથી બકરીને જોઈને વાઘ, વરુ, ચિત્તો વગેરે પ્રાણીઓ આવીને જ્યાં પંજો ઉગામે ત્યાં બકરી અંદર તરફ જતાં સિંહના પગલાં બતાવીને કહે: ‘મને અહીં વનરાજ સિંહે બેસારી છે. તેથી હું આ વનરાજને આશરે છું. મારા પર પંજો ઉગામતાં પહેલાં અંદર જઈને વનરાજ સિંહની રજા લઈ આવો.’

આ સાંભળી દરેક હિંસક પ્રાણી વાર કર્યા વગર પાછો વળી જતો.

થોડી વાર પછી સિંહ બોડની બહાર આવ્યો અને નિર્ભય બેઠેલી બકરી સામે જોવા લાગ્યો. ત્યારે બકરીએ કહ્યું: ‘નામદાર મહારાજ! અહીં વાઘ, વરુ, ચિત્તો વગેરે આવ્યા. મેં તો એ બધાને કહ્યું – હું તો આ વનરાજ સિંહને આશરે બેઠી છું. મારા પર હાથ ઉગામતાં પહેલા સો વાર વિચાર કરજો.’

આ સાંભળી સિંહ એકદમ ખુશ થઈ ગયો અને બોલ્યો: ‘તું મારે આશરે બેઠી છો? જા, તને નહીં મારું. જીવનદાન દઉં છું.’ એમ કહી, સિંહે દૂર પસાર થતા એક હાથીને પાસે બોલાવીને હુકમ કર્યો: ‘આ બકરી મારે આશરે આવી છે, મારે વિશ્વાસે બેઠી છે. માટે આને તારી ઉપર બેસારી સલામત ઠેકાણે મૂકી આવ.’

‘હા મહારાજ!’ કહી હાથીએ બકરીને ઉપાડીને પોતાના માથા ઉપર બેસાડીને ફેરવી અને અંતે સલામત સ્થળે ઉતારી મૂકી.

તેથી જ ઉક્તિ છે: ‘अजा सिंह प्रसादेन आरुढा गजमस्तके।’

આ દૃષ્ટાંત આપી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહેતા કે સર્વોપરિનો આશરો કર્યો તો હાથીની સવારી કરવા મળી અને બકરી સલામત ઊગરી ગઈ. તેમ જો ભગવાન અને સંતનો દૃઢ આશરો રાખીએ તો ગમે તેવા દેશકાળમાં પણ સારધાર ઊગરી જઈએ.

કુરુક્ષેત્રમાં મહાભારતના યુદ્ધમાં જ્યારે ભીષ્મપિતામહે પ્રતિજ્ઞા કરી કે 'કાલે હું નહીં ને કાં તો અર્જુન નહીં. કાલે આ હાથે અર્જુન પરાસ્ત થશે.'

ભીષ્મપિતામહ તો ઈચ્છામૃત્યુને વરેલા હતા. તેથી પાંડવ છાવણીમાં સૌને ચિંતા-ઉચાટ વ્યાપી ગયો. ઊંઘ ઊડી ગઈ. તેથી તે વખતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને શોધતાં તેના તંબૂમાં ગયા, ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો. આ જોઈ શ્રીકૃષ્ણે તેને ઉઠાડ્યો અને કહ્યું: 'નિરાંતે સૂતો છે, પણ જાણે છે? ભીષ્મપિતામહે આજે શું પ્રતિજ્ઞા લીધી છે?'

અર્જુને કહ્યું: 'હે જનાર્દન! હું જાણું છું.'

ત્યારે તેને શ્રીકૃષ્ણે કહ્યું: 'તો પછી તને નિરાંતે ઊંઘ કેમ આવે છે?'

અર્જુને શાંત ચિત્તે પ્રત્યુત્તર આપ્યો: 'હે કૃષ્ણપ્રભુ! આપ મારે માટે જાગો છો, તેથી હું નિરાંતે નિર્ભયપણે સૂતો છું.'

આવો દૃઢ આશરો હતો અર્જુનનો!!

## સાંપ્રદાયિક દૃષ્ટાંતો

દૃઢ આશરાની પુષ્ટિ કરે એવાં આપણા સંપ્રદાયનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ.

જેતપુરમાં હરજી કાપડિયા નામના હરિભક્ત રહેતા હતા. તેને શ્રીહરિનો દૃઢ આશરો. કારણ કે, એ વર્તમાન ધરાવી સત્સંગી થયેલો. કોઈ પ્રકારના જંત્ર-મંત્ર, દોરાધાગા કે બાવા-ભૂવાનાં કામણટુમણ માને નહીં.

એક વખત એને અણઉતાર કડકડતો તાવ આવ્યો. તેનું શરીર આખું ધગે અને સુવાણ થાય નહીં. આ જોઈ એની માએ ગામમાં એક બાવો આવ્યો હતો એને વાત કરી. બાવાએ કહ્યું: 'તાવ આમ ઉતારી દઉં. મારો મંત્રેલો દોરો ખાટલે બાંધજો. તાવ એના ગોદડામાં વયો જશે ને એને સુવાણ થઈ જશે.'

હરજીની મા તો રાજી થઈ ગઈ. તેણે ખાટલાના પાયે દોરો બંધાવ્યો. પછી બાવાને દ્રવ્યાદિક આપી રાજી કરી રવાના કર્યો.

બાવો ઘરની બહાર ફળિયામાંથી ગામના પાદર તરફ ગયો ને આ બાજુ હરજી કાપડિયો આળસ મરડી સાજો-સારો બેઠો થયો. હરજીની મા તો રાજી થઈ ગઈ અને બોલી: 'કેવો તાવ ઊતરી ગયો? બાવાનો દોરો બાંધ્યો ને તરત તું સાજો થયો!'

આ સાંભળી હરજી કાપડિયો તરત દોડ્યો અને બાવાને પકડી પાડ્યો અને કહ્યું: 'લાવ મારો તાવ પાછો. મારો તાવ ઉતારશે તો મારા સ્વામિનારાયણ ઉતારશે.'

બાવાએ રોષમાં ગોદડું પાછું આપી ઓઢાડ્યું ને હરજી કાપડિયાને ફરી તાવ આવ્યો.

શ્રીહરિને હરજી કાપડિયાની દઢતાની આ વાતની ખબર પડી. તેથી તેઓ પ્રસન્ન થઈ હરજીને દર્શન દેવા જેતપુર ગયા.

આવો જ પ્રસંગ લોધિકાના રાજા અભેસિંહ દરબારનો છે. તેમને પણ અણઉતાર ઉગ્ર તાવ આવ્યો હતો. કુટુંબના સભ્યોએ ભૂવા પાસેથી મંત્રાવેલો દોરો લીધો અને અભેસિંહજીને દીધો. તેમણે દોરો ફેંકી દીધો અને સૂઈ ગયા. શરીર ફરીથી ધગવા માંડ્યું. આથી, તેમના બહેને ખાટલાને દોરો બાંધ્યો. થોડી વારે તાવ ઊતરી ગયો. બહેને હરખ કરતાં અભેસિંહને કહ્યું: 'ભૂવાના દોરાથી કેવો તાવ ઊતરી ગયો?'

આ સાંભળી અભેસિંહજી ગર્જ્યા: 'મારા શ્રીજીમહારાજની ઇચ્છાથી તાવ ઊતર્યો છે. જો, તારા ભૂવાનો મંત્રેલ દોરો હોય તો આ તોડ્યો.' એમ કહી દોરો તોડીને ફેંકી દીધો.

ટૂંકમાં, ત્રણ પ્રકારનાં કર્મો – સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણનાં બંધનમાંથી સદાયને માટે છૂટવાનો ઉપાય છે – દઢ આશરો - શરણાગતિ. એનાથી જ સુખ-શાંતિ અને નિર્ભયપણે જિવાય છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં યોગ્ય જ લખ્યું છે:

*સુખ પામી રે સખી સુખ પામી; હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી.*
*શરણાગતને પાળે સદા બહુનામી; મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી.*

# નિશ્ચય

આપણે બધા સત્સંગ કરીએ છીએ, આગળ વધવા પ્રયત્ન કરીએ છીએ, પણ એ સર્વે જો ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કર્યો હોય તો સફળતા મળે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત લોયા પ્રકરણ ૧૮માં કહે છે: 'નિશ્ચયની વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહીં ત્યાં સુધી તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે.'

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧ પ્રમાણે – 'મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે.'

શું ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પોતાની મેળે થાય છે? એના અનુસંધાનમાં શ્રીહરિ કહે છે:

'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો, તેને નિશ્ચય કહીએ.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૭)

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં કહે છે:

'નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તોપણ ડાહ્યા છે તે

અનેક વાતની યુક્તિ લાવીને **પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત** તેને જ કલ્યાણના દાતા બતાવે છે. અને જેવું પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે છે. અને જેટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં.'

જેવી સીતાજીને નિર્દોષબુદ્ધિયુક્ત અનન્ય નિષ્ઠા હતી, તેવી નિષ્ઠા થાય ત્યારે પાકો નિશ્ચય થયો કહેવાય.

અહીં પ્રગટ(પ્રત્યક્ષ)ની વાત કરી છે, કારણ કે એક દૃષ્ટાંતે કરીને સમજાવ્યું છે તે યથાર્થ છે. તે ઉદાહરણરૂપ દૃષ્ટાંત જોઈએ...

દૂધમાં ઘી રહેલું છે, પરંતુ લાડુ, મેસૂર કે મોહનથાળ કરવો હોય ત્યારે પ્રગટ ઘીની જરૂર પડે. તેમ શાસ્ત્રોમાં સંતનાં લક્ષણો તો લખ્યાં છે, પણ કેવળ તે વાંચવાથી કે જાણી રાખવાથી કામ ન સરે. તે જ પ્રમાણે ભગવાનની મૂર્તિનું સુખ લેવું હોય અને બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરીને આત્યંતિક કલ્યાણ કરવું હોય તો ભગવાનના સમ્યક્ પ્રકારે અખંડ ધારક બ્રહ્મસ્વરૂપ સંતની પ્રાપ્તિ થાય, તેમની યથાર્થ ઓળખાણ થાય અને તેમની આજ્ઞાનું પાલન કરીએ, તેમની સેવા-સમાગમ કરીએ અને તેમના પ્રતિ નિર્દોષ બુદ્ધિ અને દિવ્યભાવ અખંડ રાખીએ તો અવશ્ય સર્વે સિદ્ધિ અને અક્ષરધામની પ્રાપ્તિ થાય. આ કારણસર જ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તિનિધિ'(કડવું-૧૫/૪૪)માં કહ્યું છે:

*'બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું;*
*પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'*

માટે પ્રગટ ભગવાનને જે ગમતું હોય, તેમની જેમાં રુચિ હોય એ રીતે વર્તવાથી બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિ ને શ્રીહરિનો રાજીપો – બંને સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

'अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम।
तस्मात् कारुण्यभावेन रक्षस्व मां पुरुषोत्तम ॥'

'મારે શરણું લેવા જેવું કોઈ સ્થાન નથી, કેવળ આપ (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત) એક જ મારે માટે ઉપાય છો, તેથી અતિ દીનભાવે આપને શરણે આવ્યો છું, માટે હે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ! મારી રક્ષા કરો.'

આવો અભિગમ એટલા માટે આવશ્યક છે, કારણ કે કારણ શરીરરૂપ

જે માયા તે તો વજ્રસાર જેવી છે. તે કોઈ રીતે ટળે એવી નથી, પણ જો પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે અને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે, વિચારે અને તે મુજબ વર્તે તો કારણ શરીર બળીને ખોખા જેવું થઈ જાય, આત્યંતિક કલ્યાણ થાય અને છેલ્લો જન્મ જ થઈ જાય.

આમ, પ્રગટ ભગવાન જે સંત દ્વારા સુખ આપે છે, તેનું શરણું, સેવા અને અનુવૃત્તિ-પાલન સિવાય બીજો કોઈ ઉપાય નથી.

'षडंगादि वेदो मुखे शास्त्रविद्या कवित्यादि गद्यं सुपद्यं करोति ।
गुरोरन्घ्रिपद्मे मनश्चैन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥'

ભલે ને વેદોનાં છ અંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ) તથા છ શાસ્ત્રો અર્થાત્ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને વેદાંત – આ સર્વે કંઠસ્થ-હૃદયસ્થ હોય તથા ગદ્ય અને પદ્યમાં રચના કરવામાં પારંગત હોય, છતાં જો પરમાત્માના અખંડ ધારક બ્રહ્મસ્વરૂપ ગુરુનાં ચરણારવિંદમાં જો મન ન સોંપ્યું હોય તો તે શું કામનું?

ટૂંકમાં કહીએ – પરમાત્માના ધારક પ્રગટ સંતનો સંગ-પ્રસંગ અનિવાર્ય છે.

મુક્તાનંદ સ્વામી પ્રભાતિયામાં કહે છે:

*'પ્રગટને ભજી ભજી પાર પામ્યા, ઘણાં ગીધ ગણિકા કપિવૃંદ કોટિ;*
*વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે, તરી પ્રગટ ઉપાસના સૌથી મોટી.'*

સ્વામિનારાયણીય સાધનામાર્ગમાં આ આવશ્યકતા એટલા માટે છે, કારણ કે નિષ્કુળાનંદ સ્વામી (પુરુષોત્તમપ્રકાશ, પ્રકાર-૪૧) શ્રીહરિનો અભિપ્રાય જણાવે છે :

*'સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે;*
*સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હું યે નવ ભૂલું રે.*
*...સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;*
*સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.'*

શ્રીહરિએ પોતે જ હરિકૃષ્ણ-ઘનશ્યામ રૂપે પોતાની માતાને એવા સંતનો મહિમા આ પ્રમાણે કહ્યો છે:

'दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा ।
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् ।

प्रोक्ता कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातम् ।
तेषां मातः प्रसंगात् किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः॥'

પરમ એકાંતિક સત્પુરુષનાં દર્શનથી, સ્પર્શથી, તેમને નમસ્કાર કરવાથી, સેવા-પરિચર્યા કરવાથી, જમાડવાથી, પૂજન કરવાથી મનુષ્યના અનંત પૂર્વ-જન્મોના પાપના પૂંજ (ઢગલા)નો સમૂળો તત્કાળ નાશ પામે છે. એવા સત્પુરુષને શ્રીહરિકૃષ્ણ પોતાનાં હૃદય સમાન ગણે છે. તેમનાં ચરણોમાં તીર્થમાત્ર રહ્યાં છે. તેમને પગલે પગલે તીર્થ સર્જાય છે. એવા સત્પુરુષના પ્રસંગથી, હે માતા! મુમુક્ષુ માટે આ લોકમાં કઈ વસ્તુ દુર્લભ છે? સર્વે વસ્તુ સુલભ-પ્રાપ્ય છે. (સત્સંગિજીવન; શતાનંદમુનિ કૃત: ૧/૩૨/૪૬)

અહીં પ્રશ્ન થાય છે કે ઉપરોક્ત સંત ન હોય અર્થાત્ આપણને ઓળખાણા ન હોય તો શું કરવું? શ્રીહરિ કહે છે:

'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી અને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.' (વચ. વર. ૧૦)

આ જ વાત સત્સંગિજીવન(૪/૬૭/૩૪)માં આ પ્રમાણે કરી છે:

'साक्षात् भगवतः संगात् तद्भक्तानां च वेदृशाम् ।
धर्मो ह्येकांत एषोऽत्र प्राप्यते नान्यथा क्वचित् ॥'

'સાક્ષાત્ પ્રત્યક્ષ ભગવાનના સંગ-પ્રસંગથી તથા તેમના પરમ એકાંતિક ભક્તના(સંતના) સંગ-પ્રસંગથી જ આ એકાંતિક ધર્મ મુમુક્ષુમાત્ર સિદ્ધ કરી શકે છે.'

'આ એકાંતિક ધર્મ અને ભક્તિનું એક સરખું ગૌરવ છે ને પ્રાપ્તિ પણ એક સરખી જ છે. તેથી જ જીવોનું આત્યંતિક કલ્યાણ છે.' (વચ. ગ.અં. ૨૧)

માટે 'શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિ સંતના લક્ષણ તેને સાંભળીને એવા લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો, તેને નિશ્ચય કહીએ. (વચ. ગ.અં. ૨૭)

*'સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સૂર સહુને;*
*સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને.'*

– નિષ્કુળાનંદ સ્વામી કૃત ચોસઠપદી

શ્રીહરિ જેતલપુરના ચોથા વચનામૃતમાં તો ત્યાં સુધી કહે છે:

'જીવનું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય, તેમનાં દર્શન અને તેમની અખંડ સ્મૃતિ તેણે કરીને થાય છે. ...એવી સ્મૃતિ તમારે સર્વેને છે, માટે તમારું કલ્યાણ થઈ જ રહ્યું છે; તોપણ બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી. ...પણ જે નિયમ-ધર્મરહિત છે, તેનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહીં. તે એકાંતિક ભક્ત થઈ શકે નહીં, ભગવાનના નિર્ગુણધામને (અક્ષરધામને) પણ પામે નહીં.'

આ કારણે જ, 'ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા આદિ જે જે કરવું તેમાં બીજા ફળની ઇચ્છા ન રાખવી. એમ સત્શાસ્ત્રમાં કહ્યું છે તે તો સાચું પણ એટલી તો ઇચ્છા (જરૂર) રાખવી જે, એણે કરીને મારા ઉપર ભગવાનની પ્રસન્નતા થાય. એવી ઇચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય. માટે ભગવાનની ભક્તિ આદિ જે ગુણ તેણે કરીને ભગવત્ પ્રસન્નતારૂપ ફળને ઇચ્છવું.' (વચ. ગ.અં. ૨૫)

જ્યારે 'પૂર્વે કહ્યા એવાં (વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, અહિંસા ધર્મ, ભક્તિ ને આત્મનિષ્ઠા આદિક) લક્ષણેયુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસે પ્રથમ કહ્યાં એવાં લક્ષણેયુક્ત થઈ અતિશે નિર્વાસનિક થશે, ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે ને આત્યંતિક મોક્ષને પામશે; પણ તે વિના તો નહીં જ પામે.' (વચ. સા. ૧૧) પરંતુ એકાંતિક ધર્મ તો 'જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.' (વચ. ગ.પ્ર. ૬૦)

'ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહલાદ, અંબરિષ આદિ જે ભક્તજન છે તેનો છે, ને એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે.' (વચ. ગ.અં. ૨૧) એવા 'એ (એકાંતિક) ભક્તને પંચવિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય, ને તેના શ્રવણ(કાન) અખંડ ભગવાનની કથા સાંભળવાને ઇચ્છે, ત્વચા ભગવાનનો

સ્પર્શ કરવા ઇચ્છે, નેત્ર ભગવાન ને ભગવાનના સંતનાં દર્શન કરવા ઇચ્છે અને નાસિકા ભગવાનને ચડ્યાં જે પુષ્પ-તુલસી, તેની સુગંધને ઇચ્છે; પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહીં. એવી રીતે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.' (વચ. ગ.મ. ૪૮)

'એવો જે એકંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.' (વચ. ગ.પ્ર. ૨૧)

## નિશ્ચયવાળાની સમજણ

યથાર્થ નિશ્ચયવાળો ભક્ત તો ઉપાસ્ય સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા મારા સ્વામી છે અને હું (ભક્ત-સેવક) એમનો દાસ છું - એ રીતે સ્વામી-સેવકભાવ તેને કાયમ રહે છે અને દાસભાવે જ ભક્તિ અહીંયાં (આ લોકમાં) અને ધામમાં ઉપાસક કરતો રહે છે. એ જાણે છે જે, 'મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તોપણ ભગવાન જેવો થવાને કોઈ સમર્થ થતો નથી. ... ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યને પામે છે, તોપણ સ્વામી-સેવકપણું રહે છે. (વચ. ગ.મ. ૬૭)

જેમ રાજા અને રાજાના ચાકર મનુષ્યજાતિએ કરીને સરખા છે, પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્ય તે સર્વોપરિ છે. અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહીં; સૂઝે એવડો મોટો હોય તોપણ ન થાય. તેમ પુરુષોત્તમ નારાયણ સર્વકર્તા, સર્વનિયંતા, અતિ રૂપવાન, અતિ તેજસ્વી, અતિ સમર્થ ને કર્તું-અકર્તું-અન્યથાકર્તું સમર્થ છે; તે જો પોતાની ઇચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે જ એક વિરાજમાન રહે અને સૂઝે તો એ સર્વે મુક્તે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ વિરાજમાન રહે. અને જે અક્ષરધામને વિષે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકા એકલા વિરાજમાન રહે.' (વચ. લો. ૧૩)

એક વખત, વરતાલમાં શ્રીહરિએ પોતાના પુરુષોત્તમપણાની વાતો ચાર-પાંચ દિવસ કરી પછી તેમણે કહ્યું: આ વાતનું રહસ્ય આ નિત્યાનંદ

સ્વામી સમજે છે. તે વખતે જ્યારે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું: 'પૂર્ણ પુરુષોત્તમ તો અક્ષરબ્રહ્મ થકી પર અને સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે.' આ સાંભળીને પરમહંસોએ પ્રાર્થના કરી કે 'હે મહારાજ! આપના સ્વરૂપનો જેમ છે, તેમ સર્વોપરિ નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું: 'જ્યાં પ્રગટ પુરુષોત્તમની વાત આવે છે, ત્યાં સર્વેની મતિ ભમી જાય છે. પરંતુ જે બીજાને પુરુષોત્તમ કહ્યા છે તે તો પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા અમે તે અમારે લઈને પુરુષોત્તમ કહેવામાં આવે છે. માટે એવા શબ્દો સાંભળીને મતિ ભમી જવા દેવી નહીં. અમે તો સર્વ અવતારના અવતારી છીએ, એમાં કિંચિત માત્ર સંશય નથી.' (સ્વા.વા. ૭/૨૪)

આમ, શ્રીહરિએ સ્વમુખે પોતાના પ્રત્યક્ષ(પ્રગટ) સ્વરૂપનો મહિમા કહ્યો.

અહીં કહેવાનો હાર્દ એ છે કે ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી આ જ વાતને આ રીતે દોહરાવે છે:

*'મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;*
*તે વિના તો કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે.'*

(કલ્યાણ નિર્ણય: ૨)

*'એમ આદિ-અંતે-મધ્યે માનો રે, પ્રતાપ પ્રગટનો નહિ છાનો રે,*
*પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉધ્ધરે જંત રે.'*

(કલ્યાણ નિર્ણય: ૧૩)

અહીં વચનામૃત વરતાલ પ્રકરણ ૧૦ પ્રમાણે 'તેને મળેલા સંત' દ્વારા જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે, એ દોહરાવી છે. અહીં 'મળેલા' એટલે જેને સાક્ષાત્કાર સંબંધ છે, જેમનામાં સમ્યક્ પ્રકારે રહીને ભગવાન અખંડ-અવિરતપણે વિચરે છે અને સ્વરૂપનિષ્ઠા કરાવે છે તેની વાત કરી છે. માટે કલ્યાણ નિર્ણયમાં કહ્યા પ્રમાણે મુમુક્ષુએ ક્યાં-કોની પાસે જવું તેની ચોખવટ કરી દીધી છે:

*'આત્યંતિક કલ્યાણ કારણે, જાવું પ્રગટ પ્રભુને પાસ;*
*મોક્ષદાયક એહ મૂરતિ કે મોક્ષદાતા એના દાસ.'*

(કલ્યાણ નિર્ણય)

આ કારણસર જ, 'નટની માયાના વચનામૃત(પંચાળા પ્રકરણ ૭)માં

ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે, તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું, ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો, તો તેની ઉપર મહારાજ રાજી, રાજી ને રાજી જ છે.' (સ્વા.વા. ૩/૩૮)

આમ, 'મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે.' (સ્વા.વા. ૧/૩૦૭) અને જેના હૈયામાં નિષ્ઠા હોય તે બીજાને નિષ્ઠા કરાવે.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: અવતાર અવતારીનો ભેદ કેમ સમજવો? ત્યારે એક જણે કહ્યું જે, 'ભવાયો ને વેશ.' ત્યારે પોતે કહ્યું કે 'અવતાર-અવતારીનો ભેદ એમ નહીં. રાજા ને રાજાનો ઉમરાવ, તીર ને તીરનો નાખનારો, તારા ને ચંદ્રમા એમ ભેદ જાણવો. (સ્વા.વા. ૬/૩૪) કારણ કે સૂઝે એવડો મોટો હોય તોપણ જે રાજા વતે થાય તે ચાકર વતે ન થાય. (વચ. લો. ૧૩ને આધારે)

અહીં તાત્પર્ય એ છે કે આપણે સર્વોપરિ-સાચી નિષ્ઠા થાય તે માટે શ્રીહરિનાં ચરિત્રો, લીલા અને કાર્યથી સારી રીતે અવગત (જ્ઞાત) રહેવું જોઈએ. એ માટે સંપ્રદાયના સાહિત્યનું વાંચન અને સંત સમાગમ અતિ આવશ્યક છે, માટે એની ટેવ પાડવી.

શ્રીહરિએ શરૂઆતમાં જ્યારે સમાધિ પ્રકરણ શરૂ કર્યું, ત્યારે સર્વેને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં એટલું જ નહીં, પરંતુ કેટલાક મુમુક્ષુઓને સર્વે અવતાર પોતામાંથી નીકળતા અને પાછા પોતાનામાં લીન થતાં દેખાડ્યા. આનાથી કેટલાય ભક્તોને સહજમાં જ સર્વોપરિ નિષ્ઠા થઈ ગઈ.

ઉત્તર ભારતથી આવેલા શીતળદાસને સમાધિ કરાવી. મુક્તો સહિત શ્રીહરિના અક્ષરધામમાં વિરાજિત સ્વરૂપનાં દર્શન થયાં. તેમને અક્ષરધામમાં અનંત મુક્તોની અનંત રૂપો ધારણ કરી એકસાથે બધાની સેવા-પૂજા કરવાની ઈચ્છા થઈ, ત્યારે શ્રીહરિએ કહ્યું:

*'ત્યારે વળી શ્રીજી કહે, જુઓ ચોવીસ આ અવતાર;*
*તે પ્રત્યેક વિષે તમે ચિત્તે કરો એમ વિચાર;*
*તે પુરુષોત્તમ હોય તો મારાં થાય સ્વરૂપ અપાર.'*

એવો સંકલ્પ એમણે એક-એક અવતારના નામ લઈને કર્યો, છતાં

તેમનાં અસંખ્ય રૂપો ન થયાં. તેથી શ્રીહરિએ કહ્યું: *'ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ.'*

અને જેવો શીતળદાસે સંકલ્પ કર્યો કે આ પ્રત્યક્ષ શ્રીહરિ સર્વાવતારી હોય તો મારાં અસંખ્ય રૂપો થાવ, જેથી હું એ પ્રત્યેક મુક્તની એકકાળાવચ્છિન્ન પૂજા કરી શકું.' અને તરત જ –

*'શીતળદાસે ધારિયું, સ્વામી આ છે સહજાનંદ,*
*તે પુરુષોત્તમ હોય તો મારાં થાય સ્વરૂપનાં વૃંદ.*
*તે સમે શીતળદાસનાં ત્યાં તો રૂપ થયાં અગણિત,*
*અનંત મુક્તની એક ક્ષણમાં પૂજા કરી ધરી પ્રીત.'*

*'સર્વ અવતારના અવતારી, સર્વોપરિ વિશ્વવિહારી,*
*સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય,*
*એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર,*
*સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.'*

– હરિલીલામૃત; કળશ-૫, વિશ્રામ-૩

આવો જ, પણ થોડો જુદી રીતે પ્રત્યક્ષ અનુભવ પરમ ભક્ત પર્વતભાઈને થયેલો. તેમને ખેતર ખેડતાં ખેડતાં ચોવીસ અવતાર વિષયક સંકલ્પ થયો અને તરત જ તે ચોવીસેય અવતારો[2] શ્રીહરિ સહજાનંદના સ્વરૂપમાંથી નીકળીને પાછા એમાં સમાઈ જતા દેખાયા.

આ વાતની નોંધ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ', પ્રકરણ-૧૨૮માં આ રીતે લીધી છે:

*'જોયાં ચોવીસ રૂપ ચિંતવી, તેણે અતિ સુખ શાંતિ હવી;*
*પ્રભુ પ્રગટ પ્રભુનું જે રૂપ, તેમાં સમાણાં સર્વે સ્વરૂપ.'*

આવું ઐશ્વર્ય આ પહેલાં કોઈ અવતારના કાર્યમાં જોવા મળ્યું નથી. એ તો સર્વાવતારી શ્રીહરિ સાક્ષાત્ આ પૃથ્વી પર પધાર્યા પછી જ જોવા મળ્યું છે. નિષ્કુળાનંદ સ્વામી લખે છે:

---

૨. ૧. મત્સ્ય, ૨. કચ્છ, ૩. વારાહ, ૪. નૃસિંહ, ૫. વામન, ૬. પરશુરામ, ૭. રામ, ૮. કૃષ્ણ, ૯ બુદ્ધ, ૧૦. કલ્કિ, ૧૧. સુયજ્ઞ, ૧૨. કપિલ, ૧૩. દત્તાત્રેય, ૧૪. સનક, ૧૫. બદ્રિપતિ, ૧૬. મહાધ્ર, ૧૭. પૃથુ, ૧૮. ઋષભદેવ, ૧૯. હયગ્રીવ, ૨૦. હરિ, ૨૧. હંસમૂર્તિ, ૨૨. ધન્વંતરિ, ૨૩. વ્યાસ, ૨૪. નારદ.

*'ધામી વિના એહ ધામનું, કોણ સુખનું દેનાર?*
*માટે આપે આવી આપીયું, અખંડ સુખ અપાર.'*

આમ તો વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧માં સ્પષ્ટ કહ્યું છે:

'પુરુષ રૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે.' પરંતુ હકીકત એ છે કે 'પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા (જ્યારે) મહાપુરુષ રૂપે વૈરાજ નારાયણને વિષે વિરાજે છે, ત્યારે તે દ્વારા અવતારો થાય છે. આવા અક્ષરાત્મક બ્રહ્મરૂપ પુરુષ ઘણાક છે ને તે પુરુષોત્તમ નારાયણનાં ચરણની ઉપાસના કરે છે. ...એ (મહા)પુરુષને જ શાસ્ત્રમાં પુરુષોત્તમ કહે છે.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧)

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે – પરબ્રહ્મ-પરમાત્મા સહજાનંદ સ્વામી (શ્રીહરિ) સાક્ષાત્ તો સૌ પ્રથમ વાર જ પધાર્યા છે અને પૂર્વે ગણાવેલ (ઉપરોક્ત) અવતારો તો તેમનાં ઐશ્વર્ય-શક્તિ-પ્રવેશથી વિરાટ પુરુષના માધ્યમ દ્વારા થયા હતા. આ સ્પષ્ટતા, નિશ્ચય-નિષ્ઠા દૃઢ કરવામાં હોવી જ જોઈએ.

એટલું જ નહીં, પરંતુ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે તેમ –

*'આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર;*
*પણ સર્વના કારણ જેહ. તે તો સ્વામી સહજાનંદ એહ.'*

## અવતાર ચિંતામણિ

સ્વામી સહજાનંદ-આપણા ઈષ્ટદેવ સર્વોપરિ-સર્વાવતારી છે એવી વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં પણ લખી છે:

*'પરાપાર જે પૂરણબ્રહ્મ, જેને નેતિ નેતિ કહે નિગમ.*
*તે જ સુખદાયી સહજાનંદ, જગજીવન જે જગવંદ.*
*જે કોઈ સર્વે કારણના કારણ, તેણે કર્યું છે તન ધારણ.*
*સર્વે અવતારના અવતારી, તે જ સહજાનંદ સુખકારી.*
*જે છે સર્વે ધામના ધામી, જાણો તે જ સહજાનંદ સ્વામી.'*

(ભક્તચિંતામણિ; ૧૦૧/૧૦-૧૨)

*'નમો પુરુષોત્તમ સહુ પાર, નમો અક્ષરધામ આધાર,*
*નમો નિર્ગુણ-સગુણ સ્વામી, સર્વે ધામ તણાં તમે ધામી.*

*નમો અવતારના અવતારી, નમો સંત તણા સુખકારી.*
*નમો દીનના બંધુ દયાળ, નમો ભક્તવત્સલ પ્રતિપાળ.'*

(ભક્તચિંતામણિ; ૧૦૩/૮ ને ૧૦)

*'સર્વ અવતારના અવતારી, સર્વોપરિ વિશ્વવિહારી;*
*સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય.*
*એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર;*
*સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.'*

(હરિલીલામૃત; કળશ-૫, વિશ્રામ-૩)

## ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય

આપણે રોજ સાંજે આરતી પછીનાં નિયમ-અષ્ટકો ગાતી વખતે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની માંગણી કરીએ છીએ. એ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત વચનામૃત લોયા પ્રકરણ ૧૨માં આ રીતે કહી છે: 'અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'

અને વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૭ પ્રમાણે – અક્ષરધામમાં રહેનારા જે અક્ષરમુક્ત તેની પેઠે અધિક ઉપાસનાવાળા ભક્તને ગરુડ જેવા કહ્યા છે. તે સર્વેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા જાણવા.

એવા સંત-ભક્ત તો ભગવાનને સર્વોપરિ, સર્વકર્તા, સદા સાકાર અને સદા પ્રગટ સમજે છે. 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો (શ્રીહરિ કહે છે) અમે પણ માથે ચઢાવીએ છીએ, અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ. ...અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. ...એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે. (વચ. ગ.પ્ર. ૩૭)

પરબ્રહ્મ પુરુષોત્તમ એક અને અદ્વિતીય છે, અને અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ અહીં અવતર્યા પછી અંતર્ધાન થતાં જ

નથી. અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત દ્વારા સદાય પ્રગટ રહે છે. એ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત સાથે પોતાના આત્માની એકતા કરીને, બ્રહ્મરૂપ થનાર મુમુક્ષુ છતી દેહે જ જીવનમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરે છે. માટે જે 'પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દૃઢ નિશ્ચય થયો જોઈએ, તો સર્વે કામ સરે. અને અમે પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે જે, કોઈ અમને (શ્રીહરિને) સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહીં તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહીં.' (વચ. ગ.પ્ર. ૭૩)

આ શ્રીહરિએ આપેલી ગેરંટી (ખાતરી) છે. આ કારણસર જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'સારસિદ્ધિ'માં લખે છે:

*'સર્વે સિદ્ધાંતનો સિદ્ધાંત એહ જ, રે'વું પ્રગટ-પ્રભુ પરાયણ;*
*મન કર્મ વચને કરી, ભજવા સ્વામિનારાયણ હરિ.'* (કડવું-૪૭)

આ જ સિદ્ધાંતમાં સાખ પૂરતાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી લખે છે:

*'મંગળ રૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;*
*તપ તીરથ કરે દેવ દેરાં, તોયે મન ન ટળે મસાણી રે.'*

અને પ્રગટ ભગવાનમાં જોડાવાનો લાભ વર્ણવતાં કહે છે:

*'પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે,*
*કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે.'*

સદ્‌ગુરુ પ્રેમસખી પ્રેમાનંદે *'આજ મારે ઓરડે રે...'* પદની ચોસરમાં પહેલાં બે પદ સખીમુખનાં કહેવાય છે, જ્યારે પછીનાં બે પદ સખામુખનાં (હરિમુખના) કહેવાય છે. તેમાં પછીનાં એ બે પદમાં શ્રીહરિ નિશ્ચયની દૃઢતા કરાવતાં કહે છે:

*'મારી મૂર્તિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;*
*સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુગ્ત.*
*મારું ધામ છે રે, અક્ષર-અમૃત જેનું નામ;*
*સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ.'*

આ જ વાતની પુષ્ટિ નિષ્કુળાનંદ સ્વામી 'પુરુષોત્તમપ્રકાશ'માં આ રીતે કરે છે:

*'માટે સર્વે રીતે સુખકારી રે, તે તો પુરુષોત્તમ અવતારી રે;*
*તેહ પોતે પધાર્યા છે આજ રે, અક્ષરધામના ધામી મહારાજ રે.'* (પ્રકાર-૧૦)

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮માં શ્રીહરિનાં વચન છે:

'ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું. ...જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો, તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.' (વચ. ગ.પ્ર. ૬૮)

અહીં ભગવાનના અવિરતપણે પ્રગટ રહેતા સ્વરૂપ અર્થાત્ પરમ ભાગવત સંતની વાત કરે છે અને ઓળખાણ આપે છે. પરમેશ્વરના ભક્તમાં ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા... 'એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ (પરમ) એકાંતિક ભક્ત કહીએ.' (વચ. ગ.પ્ર. ૪૭)

આવા ભગવાનના પ્રગટ સ્વરૂપની સર્વે ક્રિયા અને સર્વે ચરિત્ર નિશ્ચયવાળા ભક્તને નિર્દોષ અને દિવ્ય લાગે છે.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: 'મનુષ્ય ચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિષે પણ દિવ્યભાવ જણાય ત્યારે ખરો ભક્ત કહેવાય. કાં જે, એ તો કર્તુંમકર્તું ને અન્યથાકર્તું છે. એને ઉપર વળી શંકા શી? આમ સમજે ત્યારે ચોખી સ્વરૂપનિષ્ઠા કહેવાય.' (સ્વા.વા. ૬/૨૩૩)

ખરેખરા નિશ્ચયવાળાની સમજણ કેવી હોય, તો તેનો ઉત્તર વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮માં મળે છે:

'એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરિ વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે.'

## નિશ્ચયવાળાને પ્રાપ્તિ

જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેનામાં એકાદશ સ્કંધમાં કહ્યાં એવા જે સાધુનાં ત્રીસ લક્ષણ તે આવે છે. ...અને જેને ભગવાનનો નિશ્ચય

હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે. (વચ. ગ.પ્ર. ૭૭)

'ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. તે નિશ્ચય કેવો હોય? તો જે, ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે ને સર્વના કર્તા જાણે... ...એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. ...ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચહાય તે કરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે.' (વચ. ગ.પ્ર. ૬૨)

'જેને જેવો ભગવાનનો મહિમા સમજાણો હોય તેના હૃદયમાં તેટલો જ પ્રકાશ થાય છે ને તેટલો જ તેને પ્રણવ ને નાદ સંભળાય છે. અને જેટલો જેને ભગવાનનો નિશ્ચય ને મહિમા સમજાય છે તેને તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે. અને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટમાત્ર ટળી જાય છે. ...ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઈન્દ્રિયોરૂપ જ ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.' (વચ. ગ.પ્ર. ૨૪)

એટલું જ નહીં, પરંતુ તદ્ઉપરાંત, 'જેને (ભગવાનનો) અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે; અને ભગવાન જીતે અથવા હારે; અથવા કોઈ ઠેકાણે ભાગે; અથવા ક્યારેક રાજી થાય, ક્યારેક શોક કરે; ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, 'પ્રભુની સર્વ ક્રિયા કલ્યાણને અર્થે છે.' ...એવું બોલતો હોય, તો તેને પરિપક્વ નિશ્ચયવાળો જાણવો. (વચ. ગ.પ્ર. ૭૮)

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: 'નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે, ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે.'

સ્વામીએ એક વખત 'પંચાળાનું ચોથું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવી રીતે નિશ્ચયની દૃઢતા કરી હોય અને ભગવાનનું દિવ્યપણું ને મનુષ્યપણું એક જાણી રાખ્યું હોય અને સર્વે ધામ થકી અક્ષરધામનું સુખ શ્રેષ્ઠ

(અધિક) છે એમ નક્કી કરી રાખ્યું હોય તેને વર્તવામાં શું કઠણ પડે? ...એવો ખરેખરો નિશ્ચય થયો હોય તો પોતે વર્તમાન લોપવા જાય તોપણ લોપાય નહીં.' (સ્વા.વા. ૧૧/૮૩) 'એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ.' (વચ. કા. ૭)

નિશ્ચય કેવી રીતે અને કોના થકી અને શા માટે કરવો? તેની વિક્તિ સમજાવતાં શ્રીહરિ કહે છે:

'સંતનો સમાગમ અતિશય રાખીએ તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય. ... ...(અને) ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો.' (વચ. ગ.પ્ર. ૭૦)

વળી, સમાગમ કરતી વખતે ધ્યાનમાં રાખવાની એક અગત્યની વાત એ છે કે – જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા-ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી પછી એને જે પીએ તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્યે સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી. એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. (વચ. વર. ૧૨)

પરંતુ, '(પ્રગટ) ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે. ...જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'મને તો ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને જે (જીવ) મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમ પદ પામશે.' (વચ. વર. ૧૨) અને, 'હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું,' એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો. (વચ. ગ.પ્ર. ૭૨)

'જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, 'મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે ને **જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે.** અને આ સંત સર્વે નારદ-સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા ને વૃંદાવનના ગોપ તેવા છે અને જે બાઈઓ

હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મી, પાર્વતી એવી છે ને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું;' એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે. એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો.' (વચ. ગ.પ્ર. ૬૩)

અને **જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે** અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે ને બીજું કાંઈ નથી ઇચ્છતો, તેને તો ભગવાન પોતે બલાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે. માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય, તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઇચ્છવું નહીં.' (વચ. ગ.પ્ર. ૪૯)

ઘણી વાર શાસ્ત્ર-પુરાણ આદિ વાંચીને એવો વિચાર જો આવે કે અવતારોએ પણ કેટલાંક અલૌકિક કાર્યો કર્યાં છે, તેમણે પણ ચમત્કારો દેખાડ્યા છે; પરંતુ શ્રીહરિ વચનામૃત પંચાળા પ્રકરણ ૭માં સ્પષ્ટતા કરે છે કે –

'એવી રીતે અનેક પ્રકારનાં કાર્યને અર્થે જેને જેને વિષે એ (સર્વોપરિ) પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે; અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે; તથા જેમ સૂર્ય ઉદય થાય છે, ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા, ચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે; તેમ એ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે. અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે, ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે. અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું.'

ટૂંકમાં, 'જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે, ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે

કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે.' (વચ. ગ.પ્ર. ૫૧)

કેટલીક વાર કોઈક કોઈક કિસ્સામાં એવું જોવા મળે છે કે કોઈ હરિભક્ત બહુ નિશ્ચયનું બળ દેખાડતો હોય, છતાં સત્સંગ અને સત્પુરુષને છોડીને કેમ ચાલ્યો જાય છે? એના સમાધાન માટે અહીં વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૩ના શબ્દો વિચારવા જેવા છે. એમાં કહ્યું છે:

'માટે જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી; એ તો કેવળ મનમુખી ને નાસ્તિક છે. અને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહીં. ...માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહીં.'

આનો અર્થ એ થયો કે એને નિશ્ચય જીવમાં થયો જ નહોતો. પ્રગટ પ્રભુના સ્વરૂપના નિશ્ચયમાં કસર હોય તેને ભગવાનનો અવગુણ આવે છે. તે કહ્યું છે: 'જેને (ભગવાનના) નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય ત્યારે અતિ આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઈ જાય. અને પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થતા હોય ને તેને ટાળે તોય પણ ટળે નહીં, ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે, 'હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો તોય પણ ભગવાન મારા ભૂંડા ઘાટ ટાળતા નથી,' એવી રીતે ભગવાનમાં દોષ પરઠે. અને જે પદાર્થમાં પોતાને હેત હોય ને કોઈ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે જે, 'જેમ મારે વિષે કામાદિક દોષ છે તેમ ભગવાનને વિષે પણ છે, પણ એ ભગવાન છે તે મોટા કહેવાય છે.' (વચ. ગ.પ્ર. ૬૩)

પરંતુ સાચો મુમુક્ષુ, જો આવા ઘાટ થાય તો તેના ઉપાય રૂપે એવા નિર્દોષ બ્રહ્મસ્વરૂપ સંત પાસે નિખાલસપણે નિષ્કપટ થાય. અને નિષ્કપટ ક્યારે-કોને કહેવાય તેની વાત કરતાં શ્રીહરિ કહે છે:

'ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો; ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહેલો સંકલ્પ થયો હોય ને તેને જે

સંતની આગળ ન કહે તેને કપટી જાણવો.' (વચ. લો. ૫)

## દૃષ્ટાંતરૂપ નિશ્ચયવાળા ભક્તો

ભગવાન સ્વામિનારાયણ પોતે જ જેને નિશ્ચયની દઢતા હતી તેનાં નામ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯માં આપે છે. તેઓ કહે છે : 'દઢતા તો જેવી નાથભક્તની છે, કે જેવી વિષ્ણુદાસની હતી, કે જેવી હિમરાજશાહની હતી, કે જેવી કાશીદાસની છે, કે જેવી ભાલચંદ્ર શેઠને હતી, કે જેવી દામોદરને છે.' એવી હોવી જોઈએ.

આ પ્રકરણના સમાપન પહેલાં કેટલાંક દૃષ્ટાંતરૂપ નિશ્ચયવાળાં ભક્તોનું પુણ્યસ્મરણ કરી લઈએ.

અમદાવાદના મુસ્લિમ ભક્ત ડોસાભાઈને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો અને શ્રીહરિનું અખંડ ભજન શરૂ કર્યું. આથી, તેના નાતીલાઓએ એમને ભજન-સ્મરણ-નિષ્ઠા મુકાવી દેવા માર માર્યો, દોરડે બાંધીને ઓરડામાં પૂર્યા, ભૂખ્યા-તરસ્યા રાખી પાંચ ઉપવાસ કરાવ્યા, લોખંડની સાંકળથી થાંભલે બાંધી રાખ્યા – આવો વિવિધ પ્રકારનો અસહ્ય ત્રાસ દીધો તોપણ તેઓ તેમની શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠામાં અડગ રહ્યા.

ઉત્તર ગુજરાતમાં વીજાપુરનાં વજીબાનાં નિશ્ચય-નિષ્ઠાની પરીક્ષા તો ખુદ શ્રીહરિએ રૂબરૂ જઈને કરી હતી. એક વખત શ્રીહરિ વેરાગી બાવાનું રૂપ ધારણ કરીને એને ઘરે ગયા. વળી, અંતર્યામીપણું દાખવીને તેમની પાસેથી ખાટલો, ગોદડું વગેરે માગ્યું છતાં પણ તેઓ નિશ્ચયમાં અડગ-અવિચળ રહ્યાં, તો શ્રીહરિની કૃપા અને પ્રશંસાનાં પાત્ર બની ગયાં.

ધંધૂકા પાસે સુંદરિયાણાના શેઠ હિમરાજ શાહ અને એમના ચાર પુત્રોએ તેમના વૈષ્ણવ મતનો ત્યાગ કરી સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો, તેથી તેમના વૈષ્ણવ ગોસ્વામીએ તેમને નાત બહાર કરાવ્યા. તેમને લાલચરૂપે પ્રસાદ અને અન્ય સામગ્રીઓ મોકલાવી, જેનો તેઓએ અસ્વીકાર કર્યો. અંતે તેઓ ધામમાં ગયા, ત્યારે તેમના કારજમાં પણ કોઈને જવાની મનાઈ કરી, છતાં તેઓ નિશ્ચયમાં અવિચળ રહ્યા, તો શ્રીહરિએ સંતો-ભક્તો સહિત હાજર રહી તેમનું કારજ શોભાડ્યું.

નિત્યાનંદ સ્વામીના જેવી જેની દઢ નિષ્ઠા અને સમજણ હોય તેનો

નિશ્ચય સાચા અર્થમાં પ્રશંસનીય કહેવાય. શ્રીહરિએ એમને પૂછ્યું: 'તમને ક્યાં સુધી નિશ્ચય રહે?' ત્યારે તેમણે કહ્યું: 'હે મહારાજ! આજે તો તમને લક્ષાવધિ મનુષ્ય માને છે, પણ આપને કોઈ ન માનતું હોય, આપ પરણેલા હોવ, આપને ચાર છોકરા હોય, આપને પતનો રોગ થયો હોય, શરીર ગંધાતું હોય અને આપ વડોદરાની ખંડેરાવ બજારના ચોકમાં ભીખ માગતા હોવ, તે વખતે એવી દશામાં જોઈને પણ આપના સર્વોપરિપણાના નિશ્ચયમાં મને જરાય શંકા-સંશય થાય નહીં, ને એવો એવો જ દિવ્યભાવ રહે.'

એક હીરાદાસ નામના સાધુ હતા. તેઓ કાંઈક વાંકમાં આવવાથી શ્રીહરિએ તેમને કાઢી મૂક્યા. આથી, તેઓ એકડમલ ફરતા ને નિષ્ઠાપૂર્વક શ્રીહરિની અખંડ સ્મૃતિ સાથે સ્વામિનારાયણ નામ-સ્મરણ કરતાં ગામડે ફરતા તથા જ્યાં જાય ત્યાં શ્રીહરિનો મહિમા કહેતા.

એક વાર એક ગામના ચોરે વેરાગી બાવાઓએ તેમને સ્વામિનારાયણનું નામસ્મરણ મુકાવી દેવા ઢોર માર માર્યો, કોરડા મારી-મારીને માંસના લોચા બહાર કાઢી નાખ્યા, છતાં તેમને શ્રીહરિના નિશ્ચયમાં રંચમાત્ર ફેર પડ્યો નહીં. તેમના શરીરના આ હાલ બતાવી એક ભક્તે કહ્યું: 'મહારાજ! જુઓ, આમના શા હાલ થયા છે!'

શ્રીહરિ કહે: 'તમારે અમારું નામસ્મરણ મૂકી દેવું હતું ને!'

તે વખતે તેમણે એટલું જ કહ્યું: 'મહારાજ! કાં તો સત્સંગમાં રાખો ને કાં તો આપના સ્વરૂપનો નિશ્ચય મારા અંતઃકરણમાંથી કાઢી નાખો.'

આ પ્રસંગે શ્રીહરિની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમની દૃઢ નિષ્ઠા અને આશરો જોઈ શ્રીહરિએ હીરાદાસને સત્સંગમાં પાછા લીધા.

એક વખત શ્રીહરિ કહે: 'અમારે મંદવાડ ગ્રહણ કરવો છે. અમને રાખવા અને સેવા કરવા કોણ તૈયાર છે?'

સૌ કહે: 'મહારાજ! આપ સાજા-સારા જ અમને સુખ આપો.'

તે વખતે ગામ વરજાંગ જાળિયાના હીરાભાઈ ઠક્કરે કહ્યું: 'આપ અમારે ત્યાં પધારો અને માંદગી ભલે ગ્રહણ કરો, અમે આપની સેવા-ચાકરી કરીશું.'

શ્રીહરિ તેમને ઘરે રહ્યા. લોઢી ધગધગે એવો આકરો તાવ ગ્રહણ કર્યો. કાંઈ ખાય-પીએ નહીં, તેથી અગિયાર ઉપવાસ થયા. હીરાભાઈ અને તેમના

ઘરવાળાં કેસરબાઈ ઊભે પગે સેવા કરે. તેમાં વળી શ્રીહરિ જાણે માંદગીને કારણે ચિત્તભ્રમ થઈ ગયું હોય એવી સ્થિતિ બતાવે. દરેકના અંતરના સંકલ્પ અને ભૂંડા ઘાટ પણ કહી દેવા લાગ્યા. ઢોલિયા ઉપર પાંગત આગળ ઊભા થઈને તલવાર વીંઝે અને બોલે: 'અસુરોને કાપી નાખવા છે.'

એક વખત તો ફળિયામાં ગાડું હતું એમાં સૂતા અને કહે : 'આ ટૂંકું પડે છે, માટે ખેંચો,' એમ કહી ભક્તો આગળ બે બાજુથી ખેંચાવ્યું.

ત્યારપછી બારમે દિવસે મધરાતે એકદમ શ્રીહરિ કહે: 'અમારે સાજા થવું છે. અત્યારે ને અત્યારે સાટા, જલેબી, બરફી, પેંડા, પોંક લાવીને અમને જમાડો અને એટલું બધું નવરાવો કે અહીંથી પાણીનો રેલો છેક દૂર વેણુ નદીમાં પહોંચે. આટલું કરો તો અમે સાજા થઈએ.'

તે વખતે અર્ધરાત્રિએ હીરાભાઈ અને કેસરબાઈ છેક ઉપલેટા ઘોડા પર બેસીને ગયાં. કંદોઈને અડધી રાત્રિએ ઉઠાડી, જલેબી પડાવી અને બીજી બધી મીઠાઈ તેની પાસેથી ખરીદી લાવીને જમાડી. ત્યારપછી શ્રીહરિને નવરાવવા સાત-આઠ બાઈભક્તો દોડી-દોડીને વેણુ નદીમાંથી પાણી લાવવાં લાગ્યાં. મૂળજી બ્રહ્મચારીએ યુક્તિ કરી પાટલા નીચે એક છાલિયું ગોઠવી દીધું; જેથી નાહતાં-નાહતાં પાણી પડે તેમાંથી છાલિયું ભરાઈ જાય.

શ્રીહરિએ પૂછ્યું: 'પાણીનો રેલો વેણુ નદી સુધી પહોંચ્યો?' તે વખતે ઈશારો કરી, શ્રીહરિ બેઠા હતા તે પાટલા પાછળથી હળવેક રહીને છાલિયું કાઢીને વેણુ નદીમાં પધરાવવા એક જણને મોકલી દીધો. શ્રીહરિએ ફરી પૂછ્યું: 'પાણીનો રેલો નદીમાં પહોંચ્યો?'

મૂળજી બ્રહ્મચારીએ તરત હા કહી. આ સાંભળી શ્રીહરિ તરત ઊભા થયા અને પ્રસન્નતાપૂર્વક બોલ્યા: 'હાશ, આજ અમે સાજા થઈ ગયા.'

પછી જલેબી-બરફી વગેરે ખાઈને ફરીથી પ્રથમની તંદુરસ્તી ગ્રહણ કરી લીધી અને સૌને સુખ દેવાનું શરૂ કર્યું.

દૃઢ નિશ્ચયવાળાને ગમે તેવું દુ:ખ પડે કે આપત્કાળ આવે તોય નિશ્ચયમાં ફેર ન પડે.

મિતિયાળાનો વીરો શેલડિયો ગઢડા શ્રીહરિનાં દર્શને ગયા. અહીં એમના ગામમાં દ્વેષીઓએ એમનું ઘર બાળી નાખ્યું, છતાં તેમનો નિશ્ચય ડગ્યો નહીં અને ભક્તિમાં ઓટ ન આવી.

જેતપુરના જીવા જોષીની દીકરી કડવીબાઈને તેનો ધણી અને સાસરિયાં પજવતાં અને દુઃખ દેતાં. કડવીબાઈની છાતી ઉપર પલંગનો પાયો મૂકીને તેમનો ધણી પલંગ પર સૂતો. તદ્ઉપરાંત, પરાણે કાંદા-લસણ રસોઈમાં નાખી ખાવાનો આગ્રહ સેવતા; પણ કડવીબાઈ ભૂખ્યાં રહે પણ નિયમ ન તૂટવા દે. આના લીધે ચાર-ચાર દિવસના ઉપવાસ થયા, પણ તેમણે નિયમની ટેક મૂકી નહીં.

બહુ ત્રાસ વધ્યો ત્યારે શ્રીહરિએ કહ્યું: 'તું ભાદર નદીએ પાણી ભરવા જાય ત્યારે નદીમાં પડતું મૂકજે, સામે કાંઠે પાર્ષદો ઊભા હશે, તે તને ગઢડા લઈ આવશે.'

એ મુજબ કડવીબાઈ પાણી ભરવા ગઈ ત્યારે ઊભરાતી નદીમાં કૂદી પડી અને સામે પાર પહોંચી ગઈ. પાર્ષદો ઊભા જ હતા. તેઓ કડવીબાઈને ગાડામાં બેસારી ગઢડે લઈ ગયા. પછી તો તેમણે સાંખ્યયોગીની દીક્ષા લઈ પોતાની જાતને શ્રીહરિનાં ચરણોમાં સમર્પિત કરી દીધી. તેઓ મોટાં રામબાઈ તરીકે ઓળખાતાં. આવો હતો – તેમનો દૃઢ નિશ્ચય અને સમર્પણ ભાવ.

# અખંડ વૃત્તિ, અખંડ સ્મૃતિ

શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કંધના એક શ્લોકમાં કહ્યું છે: 'हरिस्मृतिः सर्वविपद्-विमोक्षणम्।' અર્થાત્ શ્રીહરિનું અખંડ સ્મરણ જ બધી આપત્તિ - દુઃખમાંથી છોડાવનારું છે. (શ્રીમદ્ ભાગવત: ૮/૧૦/૫૫)

કદાચ આ જ કારણસર ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં કહે છે: 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી; કાં જે, ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે.'

વળી, જેતલપુર પ્રકરણના ચોથા વચનામૃતમાં તેઓ જણાવે છે: 'જીવનું કલ્યાણ તો એટલા વડે જ છે જે, પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય ને તેમનાં દર્શન ને તેમની અખંડ (નિરંતર) સ્મૃતિ તેણે કરીને થાય છે.' અને ત્યારપછી તેઓ કહે છે કે 'ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનના પ્રગટ દર્શનનાં સુખ તુલ્ય છે.' (વચ. જે. ૪)

'ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં

વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે... માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.' (વચ. ગ.પ્ર. ૨૨) આટલું જ નહીં, પરંતુ 'વાદિત્ર (વાજિંત્ર) વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે... માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટન કરવું તથા નારાયણધૂન્ય કરવી ઇત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.' (વચ. ગ.પ્ર. ૨૨)

સ્નેહથી અર્થાત્ - પ્રેમભક્તિથી જે ભગવાન સાથે જોડાયેલા હોય તેને સહેજે જ ભગવાનની સ્મૃતિ અવિરતપણે રહેવા લાગે. અહીં પ્રશ્ન ઊઠે કે કેવો સ્નેહ? એ સ્નેહનું રૂપ શું? તેની સ્પષ્ટતા કરતાં શ્રીહરિ કહે છે:

'સ્નેહ તો એનું નામ જે, 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે... અને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે.' (વચ. ગ.પ્ર. ૪૪)

'જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂડ્યનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે.' (વચ. ગ.પ્ર. ૪૪)

અને જે ભક્ત ભગવાનને સંભારતો રહે છે તેને ભગવાન શ્રીહરિ પણ અખંડ સંભારે છે.

*'મને સંભારે છે સ્નેહીજન, તેમ સંભારું હું સ્નેહીને;*
*અરસ પરસ રહે એકઠાં, જેમ પ્રીત છે દેહ દેહીને.'*

(નિષ્કુળાનંદ સ્વામી, સ્નેહગીતા: ૪૨/૪)

સારંગપુર પાસેના કુંડળ ગામના અમરા પટગરને 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' એમ બોલ્યા કરવાની અને એ રીતે શ્રીહરિને સંભાર્યા કરવાની ટેવ હતી.

એક વખત શિયાળાની અર્ધરાત્રિએ 'સ્વામિનારાયણ... સ્વામિ-

નારાયણ...' એમ બોલ્યા અને એ જ વખતે શ્રીહરિએ સાક્ષાત્ દર્શન દીધાં.

અમરા પટગર કહે: 'મહારાજ! અર્ધરાત્રિએ અહીં ક્યાંથી ?'

'તમે અમને સંભારતા હતા તે...!'

'એ તો મને હેવા પડ્યા છે, મહારાજ !'

ત્યારે શ્રીહરિ કહે: 'અમારે પણ જે અમને સંભારે તેને સાક્ષાત્ દર્શન દેવા જવાના હેવા પડ્યા છે.'

અગતરાઈના પર્વતભાઈ કૂવામાંથી પાણી સિંચતાં, હળ હાંકતાં વગેરે સર્વ ક્રિયાને વિષે શ્રીહરિની અખંડ સ્મૃતિ કરતા.

'ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં... પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે.' (વચ. ગ.પ્ર. ૪૯) ...અને ભગવાનમાં અખંડ વૃત્તિ રાખ્યાનું મુખ્ય સાધન અંતર્દૃષ્ટિ છે... અને ભગવાનની મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે એ બાહ્યદૃષ્ટિ છે. (વચ. ગ.પ્ર. ૪૯)

એવી જ રીતે જો ટેવ પાડી હોય અખંડ વૃત્તિ રહે. અખંડ ચિંતવન થાય તે માટે અભ્યાસ જરૂરી છે. 'ભગવાનનું અખંડ ચિંતવન નથી થાતું તેનું કારણ એ છે જે, અભ્યાસ કર્યો નથી, પણ અભ્યાસે થાય.' (સ્વામીની વાતો: ૫/૩૫)

*'પણ જ્યાં લગી પ્રાણ રહેશે, જીભા સ્વામી સહજાનંદ કહેશે;*
*તેહ વિના કહે બીજું કેમ? પડી આંટી અંતરમાં એમ.*
*...મન નહિ કરે મનન અન્ય, બુદ્ધિ નહિ કરે નિશ્ચય હરિ વિણ,*
*ચિત્ત ન ચિંતવે બીજી વાત, અહંકાર હું હરિનો સાક્ષાત્.'*

(ભક્તચિંતામણિ: પ્ર.૧૦૨/૪૮, ૫૦)

## અખંડ ચિંતવન ક્યારે થાય ?

ભગવાન સ્વામિનારાયણ કહે છે:

'જેને ભગવાનને વિષે સ્નેહ, માહાત્મ્ય અને શ્રદ્ધા હોય તેને અખંડ ચિંતવન થાય છે.' (વચ. ગ.મ. ૪) વળી, 'જેને દેહ ને દેહનાં સગાં-સંબંધી ને દેહનાં ભરણપોષણ કરનારાં એમાંથી સ્નેહ તૂટ્યો... તેને ભગવાનને વિષે હેત (સ્નેહ) થાય છે. અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે.' (વચ. ગ.મ. ૩૬)

પરંતુ 'અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ... અને જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રદ્ધા હોય તો અખંડ ચિંતવન થાય... અને જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે.' (વચ. ગ.મ. ૪)

અને જો સાંખ્યનિષ્ઠા અને યોગનિષ્ઠા એ બે હોય તો ભલેને કોઈ વિક્ષેપ આવે તોય અખંડ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. (વચ. ગ.મ. ૨૪)

ભગવાનની સ્મૃતિ હોય તો પણ શ્રીહરિએ બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી સાધકે સર્વ પ્રકારે પાળવી... કારણ કે નિયમ-ધર્મરહિત સાધક એકાંતિક ભક્ત થઈ શકે નહીં, ભગવાનના નિર્ગુણ ધામને - અક્ષરધામને પણ પામે નહીં ને તેનાથી સત્સંગમાં પણ બેસાય નહીં. (વચ. જે. ૪)

'ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે તે પ્રેમેયુક્ત રહે છે અને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનના ભજન વિના બીજા જે જે ઘાટ-સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાખે છે... (જેમ) આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.' (વચ. ગ.પ્ર. ૨૩)

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯ પ્રમાણે તો પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮ પ્રમાણે બલિષ્ઠ સંસ્કારવાળાને ભગવાનને વિષે સ્નેહને લીધે ત્રણે અવસ્થામાં ભગવાન અખંડ દેખાય છે.

કારણ કે, જે ભગવાનના ભક્ત છે તે તો તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે, કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકા વર્તે છે. અને એ જ કુશાગ્રબુદ્ધિવાળા છે. (વચ. ગ.પ્ર. ૫૦)

શ્રીહરિ કહે છે:

'અંતઃકરણરૂપી જે ફુવારો તેને વિષે જીવની વૃત્તિ છે તે ઘૂમરી ખાઈને પંચઇન્દ્રિય દ્વારે ઊછળે છે. તેને જે યોગી હોય તે બે પ્રકારે કરીને (અર્થાત્) એક વૃત્તિએ કરીને તો પોતાના હૃદયને વિષે સાક્ષીરૂપે રહ્યા'

ભગવાન તેનું ચિંતવન કરે અને બીજી વૃત્તિ છે તેને તો દૃષ્ટિ દ્વારે બહાર રાખે અને તે વૃત્તિએ કરીને બહાર ભગવાનનું ચિંતવન કરે. (વચ. વર. ૪) અને 'અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.' (વચ. ગ.મ. ૪૯)

વચનામૃત કારિયાણી પ્રકરણ ૭માં – ગૃહસ્થાશ્રમીને તો અનંત પ્રકારની પ્રવૃત્તિ અને વિટંબણા હોય, તેથી અખંડ વૃત્તિ રાખવી અઘરી પડે – એવો પ્રશ્ન ગૃહસ્થો તરફથી પૂછાયો, ત્યારે શ્રીહરિ કહે છે:

નિવૃત્તિ માર્ગવાળા ત્યાગીની માફક અખંડ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રાખવી હોય તો ગૃહસ્થાશ્રમીએ એમ સમજવું જે, 'જેમ પૂર્વે ચોર્યાશી લાખ જાતનાં મારે માબાપ તથા સ્ત્રી-છોકરાં થયાં હતાં તેવાં ને તેવાં જ આ દેહનાં પણ છે. ને કેટલાક(પૂર્વ) જન્મની મા, બોન, દીકરીઓ... તેની જેમ મારે મમતા નથી તેમ આ દેહના સંબંધી તેની પણ મારે મમતા ન રાખવી. એવી રીતે વિચારે કરીને સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે... અને જે એવો બળિયો ન હોય તેને તો સત્સંગની ધર્મમર્યાદાનો અને સંત ને ભગવાન તેનો જે પોતાને આશરો છે તેનું બળ રાખવું જે, 'ભગવાન તો અધમઉદ્ધારણ ને પતિત પાવન છે તે મને સાક્ષાત્ મળ્યા છે.'

ભગવાન સ્વામિનારાયણના પરમહંસો – અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી વગેરેને અખંડ સ્મૃતિ - અખંડ ભજન થતું.

શ્રીહરિના સેવક મૂળજી બ્રહ્મચારીને તેઓની અખંડ સ્મૃતિ રહેતી.

એક વખત સભામાં બેઠાં બેઠાં મૂળજી બ્રહ્મચારીને ઊંઘ આવી ગઈ અને તેમાં તેમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમને એવું દેખાયું કે શ્રીહરિ સભામાં બેઠા છે અને ઓચિંતી આગ લાગી છે. તેથી એકદમ ઝબકીને જાગીને તેઓ સીધા જ દોડ્યા અને શ્રીહરિને ગાદી-સમેત ઉપાડીને દોડવા લાગ્યા. બધા ગાજી ઊઠ્યા... હેં હેં હેં. શ્રીહરિએ સૌને વાર્યા અને કહ્યું: 'એમને સ્વપ્ન થયું છે. તેમાં આગ લાગી છે એમ દેખાયું, તેથી અમને ઉપાડીને આમ ભાગી રહ્યા છે.'

## કેવી રીતે અખંડ સ્મૃતિ કરવી?

સૌ પ્રથમ તો પોતાને આત્મારૂપ-બ્રહ્મરૂપ માનીને અખંડ સ્મરણ ભક્તિ કરવાનો અભ્યાસ કરવો પડે. કારણ કે –

*'ચિત્ત કી વૃત્તિ એક હૈ, ચાહે તહાં લગાઓ;*
*ચાહે હરિ કી ભક્તિ કરો, ચાહે વિષય કમાઓ.'*

માટે બીજે ક્યાંય મન ભટકે નહીં અને બીજે ચાળે ચડી જવાય નહીં તે માટે આપણે અભ્યાસ કરવો પડે. વળી, ગૃહસ્થને તો,

*'આગે ધંધા, પીછે ધંધા, ધંધા મધ્યે ધંધા;*
*ધંધા મધ્યે ધ્યાન લગાવે, સો સાહેબ કા બંદા.'*

એવી પરિસ્થિતિ હોય છે. એટલે અથાક પ્રયત્ન અને અભ્યાસ, આ બેય આવશ્યક છે. તેથી જ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તિનિધિ'(કડવું-૧૪)માં કહે છે:

*'પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી,*
*કરી દિયે કામ એહ જ એકલીજી.'*

વળી, પ્રશ્ન ઊઠે કે 'આ સિદ્ધ કરવા શું કરવું? અને કેવી રીતે કરવું?'

એનો ઉત્તર સત્સંગિજીવન ગ્રંથમાં (૨/૫૧/૧૧) કર્યો છે. અહીં કહ્યું છે:

'स्वतनय धनधाम लोकलज्जा।
सुरवरधामगमैषणां च हित्वा।
भगवति हि दृढानुरागमाप्तो।
निजहृदि यस्तमसो स्मरत्यखंडम्॥'

અર્થાત્ પોતાના પુત્રની, સંપત્તિની, સ્ત્રીની, લોકકીર્તિની અને સ્વર્ગાદિ ફળની વાસનાનો ત્યાગ કરીને, લોકલાજની પરવા કર્યા વગર ફક્ત પરમેશ્વર સાથે દૃઢ પ્રેમ-અનુરાગના સંબંધથી જોડાઈને હંમેશાં પરમેશ્વરનું અખંડ સ્મરણ કરવું જોઈએ.

આવી અખંડ સ્મૃતિની સાધનામાં શું શું કરવું પડે? તેની વિક્તિ હરિવાક્યસુધાસિંધુમાં સ્પષ્ટપણે કરી છે. અહીં શ્રીહરિ કહે છે:

'मच्चरित्राणि गेयानि श्रोतव्यानि च सादरम् ।
मम ध्यानं विधातव्यं स्मर्तव्या मत्कृतोत्सवाः ॥

महासभासु मद्वार्ता कृतं भक्तैर्मदर्चनम् ।
साधुसंतर्पणं चापि स्मर्तव्यं मत्कृतं मुहुः ॥'

(હ.વા.સુ.સિં. / ગ.મ.-૩૫)

– મારાં ચરિત્રોનું આદરપૂર્વક ગાન કરવું તથા શ્રવણ કરવું, મારું ધ્યાન-નામસ્મરણ કરવું તથા મેં જ્યાં-જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય તેનું સ્મરણ કરવું. તથા મોટી સભામાં મારા સ્વરૂપ સંબંધી જે કાંઈ વાતો કરી હોય, મારી પૂજા કરવામાં આવી હોય અને સંતોને પંક્તિ કરીને મેં પીરસ્યું હોય, એવી બધી મારી લીલા અને ચરિત્રો તેનું વારંવાર સ્મરણ કર્યાં કરવું.

અવિરત ભગવાનની સ્મૃતિ વિના અખંડ સ્મૃતિની સિદ્ધિ ન થાય. વળી, દર્શન કરતી વખતે પણ એકાગ્ર મન ન હોય તોપણ ધ્યેય સિદ્ધ ન થાય. વળી, એકાગ્ર મન રાખ્યું હોય તોપણ તેનું મનન-નિદિધ્યાસન ન કરે તોપણ તે ન કર્યા બરાબર છે. કારણ કે, શ્રીહરિલીલામૃતમાં સ્પષ્ટતા કરી છે કે –

*'પૂજા કરે ને મન હોય બીજે, પૂજા કરી તેહ નહીં કહીજે;*
*કરે જનો જે જપ હોમ દાન, સ્મૃતિ વિના તે ન કર્યા સમાન.*
*સ્મૃતિ પ્રભુની કરીને સદાય, સુકર્મ કીધે સુફળિત થાય.'*

(શ્રીહરિલીલામૃત : કળશ-૬/વિશ્રામ-૨૪)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, 'સ્નેહગીતા'માં ગોપીઓની અખંડ સ્મૃતિની વાત કરતાં કહે છે :

*'હરતાં ફરતાં કામ કરતાં, કૃષ્ણ કૃષ્ણ કરે કામની;*
*પ્રીત વશ થઈ પ્રમદા, જાતિ જાણે નહિ દિન જામની. (૩/૩)*
*ખાતાં પીતાં બોલતાં, વળી સ્નેહમાં સુધ વીસરી;*
*સૂતાં સૂતાં જાગે ઝબકી, ઊઠે કૃષ્ણ કૃષ્ણ મુખે કરી.' (૩/૪)*

આવી અખંડ સ્મૃતિની આવશ્યકતા બતાવતાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એક વાર પથ્થર ઘડતા જાગા સ્વામીને પૂછ્યું : 'રોજ કેટલા પથ્થર ઘડો છો ?'

જાગા સ્વામી કહે : 'બાર-પંદર જેટલા !'

ત્યારે સ્વામીએ કહ્યું : 'ભલે બે પથ્થર ઓછા ઘડાશે તે ચાલશે, પણ અખંડ સ્મૃતિ-સ્મરણ કરતાં ઘડવા.'

...અને ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો મોટા સાધુ રાજી થાય અને

જેની ઉપર મોટા સાધુ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય. (પ્રાગજી ભક્ત જીવન ચરિત્ર : પૃ. ૫૧૯)

ટૂંકમાં કહેવાનું હાર્દ એ છે કે આપણે ગમે તે ક્ષેત્રમાં કામ કરતા હોઈએ, પરંતુ હાલતાં-ચાલતાં, નાહતાં-ધોતાં બધી ક્રિયામાં ભજન-સ્મરણ કરતા રહીએ તો ભગવાન અને મોટાપુરુષ રાજી થાય છે અને સુખિયા થવાય છે.

ભગવદ્ગીતામાં ભગવાન કહે છે: 'यज्ञानां जपयज्ञोऽस्मि।' યજ્ઞના પ્રકારોમાં હું 'જપ યજ્ઞ' છું. કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કહે છે તેમ 'હાલતાં-ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય.' (સ્વા.વા. ૫/૨૩૨)

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી ત્યાં સુધી લખે છે:

*'સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;*
*અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ.'*

આ જ વાતની પુષ્ટિ કરતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે:

*'લેતાં નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠાં ધામને પામી રે.*
*જેહ મુખે એનો ઉચ્ચાર રે, તે તો જાણો પામ્યા ભવપાર રે;*
*માટે એ નામનું કાવ્ય કા'વે રે, તેને શીખવું-સૂણવું ભાવે રે.'*

(પુરુષોત્તમ પ્રકાશ : પ્રકાર-૪૭)

'तैलधारावत् अविच्छिन्न ध्रुवानुस्मृति।' રાખીએ તો અખંડ સ્મૃતિ રહે. જેમ એક વાસણમાંથી બીજા વાસણમાં અવિછિન્ન (એકધારી) તેલની ધારા કરી રહ્યા હોઈએ, એવી રીતે અવિછિન્નપણે પરમેશ્વરનું નામસ્મરણમાં રત રહેવું, તેને ભક્તિ કહી છે. એવી ભક્તિ, જ્યારે ભગવાનને વિષે અતિશય પ્રીતિથી જોડાઈ જઈએ ત્યારે સિદ્ધ થાય છે.

ભગવાનમાં અખંડ સ્મૃતિ રાખવા માટે (વચ. ગ.મ. ૩૬ને આધારે) ચાર ઉપાય અજમાવવા આવશ્યક છે. તે છે –

(૧) ચિત્તને પરમેશ્વરના સ્વરૂપમાં ચોંટાડવું.

(૨) અતિશય શૂરવીર થઈ બીજા ઘાટમાત્રને ટાળી નાખવા.

(૩) જન્મ-મૃત્યુ અને નરક-ચોરાશીનાં દુ:ખની અતિશય બીક હોવી. અને,

(૪) જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને ભિન્ન સમજવા રૂપ

વૈરાગ્ય થવો.

એ જ પ્રમાણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૫ પ્રમાણે –

(૧) ધર્મમાં રહેવું, (૨) ભગવાનના સ્વરૂપની ઉપાસના દઢ કરવી, (૩) ભગવાનનાં અવતાર-ચરિત્રોનું શ્રવણ-કીર્તન કર્યાં કરવું, આ બધુંય અમલમાં મૂકીએ ત્યારે અખંડ સ્મૃતિ રાખવાનું આસાન બને છે.

વળી, આ રીતે ચિત્તના નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. અને જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે જોડાય ત્યારે અખંડ સ્મૃતિનું ધ્યેય સિદ્ધ થાય છે. (વચ. ગ.પ્ર. ૨૫ને આધારે)

આ માટે ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવું... અને જેના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે, તેને એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી. અને એ તો સર્વે હરિભક્તમાં મુખિયો છે. (વચ. ગ.મ. ૪૮)

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં શ્રીહરિ કહે છે: "જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં-પીતાં, નાહતાં-ધોતાં, બોલતાં-ચાલતાં, બેઠતાં-ઊઠતાં - સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. ...અને જો અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, વિષય એ સર્વથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું." માટે "સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે." (વચ. કા. ૭)

તેથી જ કહ્યું છે:

*'હરતાં જઈએ, ફરતાં જઈએ, કરીએ ઘરનું કામ;*
*જીભલડી તને હરિગુણ ગાતાં, શું બેસે છે દામ,*
*ના વિસારશો રે, ના વિસારશો રે; સ્વામિનારાયણનું નામ.'*

ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાનું કાર્ય, સાધકે ઇન્દ્રિયો-અંતઃકરણ પાસેથી લેવું પડે છે. તેમાં ઇન્દ્રિયોના આહાર શુદ્ધ ન હોય તોપણ કામ સરતું નથી. આહાર-વિહારની શુદ્ધિ હોય તો જ અંતઃકરણ સ્થિર થાય છે અને અંતઃકરણ સ્થિર થાય ત્યારે જ ભગવાનની સ્મૃતિ રહે. (વચ. ગ.પ્ર.૧૮)

આ દેહમાં આત્મા છે અને તેમાં પરમાત્મા છે, એમ અખંડ મનાય તો ભગવાન ભજાય અને એમ જો નિરંતર અભ્યાસ કરે તો ભગવાન અણુમાત્ર

છેટા ન રહે. (પ્રાગજી ભક્ત જીવનચરિત્ર : પૃ. ૫૬૨)

આવી રીતે અખંડ ચિંતવન કરનારને ચિંતવનના બળે પંચવિષય પરાભવ કરી શકતા નથી. "માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય તેને ભગવાનના ચિંતવનને બળે કરીને... પંચવિષય જન્મમરણના હેતુ ન થાય." (વચ. અમ. ૩)

અને આગળ જે જે ભક્તો થઈ ગયા તેણે પણ ભગવાનમાં અખંડ વૃત્તિ રાખી છે.

•

'સ્વામીની વાતો'માં કહ્યું છે :

સર્વ કરતાં ભજન કરવું અધિક છે, ને તે કરતાં સ્મૃતિ રાખવી તે અધિક છે. (સ્વા.વા. ૧/૨૦૦)

અને ભગવાનને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને ભગવાનનું ભજન કરવું, મનમાં એમનું ચિંતવન કરવું, નેત્રમાં એમની મૂર્તિ રાખવી - એ પ્રકારે નિરંતર ભગવાનની સ્મૃતિ કરવી. (સ્વા.વા. ૧/૩)

"શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે એમ સમજીને પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી." (સ્વા.વા. ૨/૨) – આ સિદ્ધાંત વાત છે.

ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી એમાં સુખ છે. (સ્વા.વા. ૨/૪) પરંતુ આમાં પણ શ્રીહરિ કહે છે તેમ - 'સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું.' (વચ. ગ.અં. ૧૨)

કથાવાર્તા, કીર્તન ને ધ્યાન એમાંથી તૃપ્તિ પામવી નહીં. (સ્વા.વા. ૫/૨૬૯) કારણ કે ભગવાનની અખંડ સ્મૃતિ રહે તે તો સર્વ સાધનના અંતને પામ્યા છે. (સ્વા.વા. ૫/૩૦૮)

અને જ્યારે નવરાશ હોય ત્યારે તો ભગવાનની મૂર્તિ લઈને બેસવું. ને તે મૂર્તિ તે શું જે, ભગવાનની કથા, વાર્તા ને ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે. (સ્વા.વા. ૫/૩૧૨)

*'વ્યર્થ કાલો ન નેતવ્યો ભક્તિં ભગવતો વિના'* એમ શિક્ષાપત્રીમાં પણ આદેશ છે. (શિક્ષા. ૧૧૭) આથી, અખંડ સ્મૃતિ માટે ઘડીક કીર્તન, ઘડીક ભક્તિ, ઘડીક કથાવાર્તા, ધ્યાન એ બધું ફરતું ફરતું કરવું, તેથી મૂંઝવણ થાય

નહીં. (સ્વા.વા. ૬/૧૨૭) માટે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું, તે કંઠમાં, હૃદયમાં અને જીભમાં કરવું, જ્યાં થાય ત્યાં કરવું ને જોતે જોતે ભગવાન સામું જોઈ રહેવું, (તો) તે દેખાશે. (સ્વા.વા. ૬/૯૯)

## અખંડ સ્મૃતિથી થતા લાભ

પ્રથમ લાભ તો તેના માથેથી જન્મ-મરણ ટળી જાય છે.

મુક્તાનંદ સ્વામી કહે છે :

*'સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહો રે મન મેરા,*
*એહી હૈ મહામંત્ર સાર મીટે ભવ ફેરા.*
*રટ હુ નામ અષ્ટ જામ ટરે તાપ તેરા,*
*માર્યો મોહાદિ મીટે, ના'વે જમ તેડા.'*

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬ મુજબ જેને ભગવાનને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને તો ભગવાનના કથા-કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે દર્શન થાય છે. કારણ કે 'મનુષ્ય દેહ દુર્લભ છે ને દેહે સાજું રહેવું તે પણ દુર્લભ છે... માટે ભજન કરી લેજો.' (સ્વા.વા. ૧/૨૪૬)

'મૂંઝવણ આવે તે કેમ કરવું?' એ પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર કર્યો જે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું, તેથી મૂંઝવણ ટળી જાય. અને મહારાજનો મત તો કથા-કીર્તન-વાર્તા-ધ્યાન એ જ કરાવવાનો છે. (સ્વા.વા. ૧/૩૨૪) કેમ કે ભગવાનની મૂર્તિની સ્મૃતિ - એમાં જ સુખ છે. (સ્વા.વા. ૨/૬) તેથી વૃત્તિ પાછી વાળીને ભગવાનને સંભારવા... અને જો ભગવાનને સંભારવા માંડે તો તેના પર મોટા સાધુની દૃષ્ટિ થાય. (સ્વા.વા. ૨/૧૨) માટે નિરંતર પાછું વાળીને જોવું જે મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું - એમ જોયા કરવું. (સ્વા.વા. ૨/૩૫)

સર્વ કરતાં ભજન કરવું તે અધિક છે ને તે કરતાં સ્મૃતિ રાખવી તે અધિક છે. (સ્વા.વા. ૧/૨૦૦) તેથી જ મહારાજ કહે છે : 'જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું, નેત્રમાં પણ મારી મૂર્તિ રાખવી.' (સ્વા.વા. ૧/૩) અને ભગવાનની અખંડ સ્મૃતિ રહે તે તો સર્વ સાધનના અંતને પામ્યો છે. (સ્વા.વા. ૫/૩૦૮) અને જે ભક્તની ચિત્તવૃત્તિ અવિરતપણે

ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જાય તેને વગર સાધે અષ્ટાંગયોગ સધાઈ રહ્યો છે. (વચ. ગ.પ્ર. ૨૫) આ એક મોટો ફાયદો છે. અને જેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહેવા લાગે તે તો કૃતાર્થ થયો છે. (વચ. ગ.મ. ૩૧) એટલું જ નહીં, પરંતુ જેમ જેમ પોતાની વૃત્તિ હેતે કરીને ભગવાન સંગાથે જોડાતી જાય તેમ તેમ ઉપાસના પણ દૃઢ થતી જાય. (વચ. સા. ૧૨)

અંત સમે એક ઘડી મૃત્યુ આડી હોય ત્યારે પણ જો અતિશય ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી. (વચ. સા. ૧૭) જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ-વૃત્તિ રહે છે... અને જ્યારે ભગવાનમાં અખંડવૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી. તે તો કૃતાર્થ થયો છે. (વચ. ગ.મ. ૩૬) ને હાલતાં ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય છે. (સ્વા.વા. ૫/૨૩૩)

કારણ કે,

'हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्तयेव गतिः रन्यथा ॥'

માટે સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની નિવૃત્તિ થઈ જાય છે, અને નિરૂત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે. (વચ. ગ.મ. ૩૦)

માટે શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વકાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. (વચ. ગ.પ્ર. ૨૩) કારણ કે ભગવાનની સ્મૃતિ રાખવી તે સર્વથી અધિક છે... સ્મૃતિ રહે તે તો સર્વ સાધનના અંતને પામ્યો છે. (સ્વા.વા. ૫/૩૦૮) માટે ભગવાનને સંભારીને જે જે ક્રિયા કરે છે તો પણ તે નથી કરતો ને તે અકર્તા છે. (સ્વા.વા. ૨/૨૯)

અખંડ સ્મૃતિની સાધના પ્રગટના સંબંધે સહિત કરવી જોઈએ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંભારતા, તેમને લક્ષ્યમાં રાખીને કરવાથી તેનું ફળ ઉત્તમ અને નિર્વિઘ્ને મળે છે. તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો છે. (વચ. ગ.પ્ર. ૨૫)

પ્રગટના સંબંધે સહિતની અખંડ સ્મૃતિનો મહિમા વર્ણવતાં નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિના છેલ્લા પ્રકરણમાં જણાવે છે :

*'પ્રકટ કલ્યાણ, પ્રકટ ભજન રે, પ્રકટ આજ્ઞા, પ્રકટ દર્શન રે;*
*પ્રકટ વાતો, પ્રકટ વર્તમાન રે; પ્રકટ ભક્ત, પ્રકટ ભગવાન રે;*
*નથી ઉધારાની એક વાત રે; જે જે જોઈએ તે તે સાક્ષાત્ રે.'*

માટે, આવી ટેવ પાડવી પડશે, કારણ કે,

*'ભક્તિવશ ભગવાન નિરંતર, ઐસે કહે નિગમ પોકારા;*
*બ્રહ્માનંદ ચોગાન પડી હૈ જો મારત તા-કી તલવારા.'*

(બ્રહ્માનંદ કાવ્ય: ૫૬-૨૪૫૧)

ખરેખરા સત્સંગી થવા માટે માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને શ્રીહરિની મૂર્તિનું અખંડ ચિંતવન કરવું (સ્વા.વા. ૩/૯) અને જે ભગવાનમાં જોડાણો હોય તેને ભગવાનનાં ચિહ્ન, ચરિત્ર ને સ્વાભાવિક ચેષ્ટા અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય જ નહિ. (સ્વા.વા. ૩/૪૨)

कलौ कीर्तनात्નો અર્થ કર્યો જે, કળિયુગમાં તમોગુણ, રજોગુણ ઘણો એટલે કીર્તન ગાવવાં તથા ભજન કરવું - એટલે તમોગુણ પેસે નહીં. ને ભજન એમ કરવું જે, 'જેમ બે હજાર ઘોડાનો વાજ જતો હોય તે સોંસરો કોઈ નીકળી શકે જ નહીં.' તેમ ઉતાવળે ભજન કરવું એટલે સંકલ્પ પેસી શકે નહિ. (સ્વા.વા. ૫/૫૦) હાલતાં-ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય. (સ્વા.વા. ૫/૨૩૨) આપણે ભજનની કડકડાટી કરીને કાંઈએ પેસવા દેવું નહિ, ને ભગવાનનું રટણ કરવું તે ભેળું આ સાધુનું (અર્થાત્ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનું) પણ રટણ કરવું. તે એમ ને એમ કર્યા કરવું. (સ્વા.વા. ૬/૧૯૯) આવી અખંડ ભજન કરવાની ટેવ પાડે તો મૂર્તિએ સહિત અખંડ ભજન થવા માંડે. (સ્વા.વા. ૬/૨૩૮)

દેહનો વહેવાર ભલે કરતા રહીએ પણ મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખતા જવી. કારણ કે ભગવાનની સ્મૃતિ વિના જે જે થાય છે તે ખડ ખાય છે. (સ્વા.વા. ૨/૧૫ અને ૨/૨૨ના આધારે)

ભગવાનનું ભજન ને ભગવાનના ભક્તનો સંગ એ બે જ રહસ્ય ને અભિપ્રાય છે. તે લઈને મંડે તો રાજી થતાં ક્યાં વાર છે? (સ્વા.વા. ૧/૧૧૧)

ભગવાનને સંભારવા માંડે તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય; પણ એ માર્ગે ચાલે નહિ ત્યારે તેના ઉપર શેની દૃષ્ટિ થાય?... ને ભગવાન સંભારવા તે તો જીવના સુખ સારુ છે. (સ્વા.વા. ૨/૧૨) અને

ભગવાનને સંભારીને જે જે ક્રિયા કરે છે તો પણ તે નથી કરતા ને તે અકર્તા છે. ને તે વિના તો અમથો બેઠો છે તો પણ કર્તા છે. (સ્વા.વા. ૨/૨૯) ભગવાનની સ્મૃતિ સહિત અને સ્મૃતિ રહિતમાં કેમ ભેદ છે? તો જેમ ભર્યું માણસને ઠાલું માણસ, ભર્યું ગાડું ને ઠાલું ગાડું, એટલો બધો ભેદ છે. (સ્વા.વા. ૨/૧૨૯ને આધારે) બાકી સિદ્ધાંત તો ભગવાનમાં મન રાખવું એ જ કરવાનું છે. (સ્વા.વા. ૨/૧૩૮)

ટૂંકમાં ગૃહસ્થાશ્રમ છે તે વહેવાર તો કરવો પણ તેનું જ ભજન કરવું નહીં. (સ્વા.વા. ૪/૫૮) નિરંતર બેસીને ભજન કરે એવો કોઈ હોય તો તેનો વહેવાર ચલાવવો અમારી કોટમાં છે. (સ્વા.વા. ૫/૧૭૧) ખરેખરું ભજે તો આપણાં સામું જોઈ રહે એવા ભગવાન દયાળુ છે. (સ્વા.વા. ૬/૬૭) કારણ કે રોટલા ખાવા મળે ને પેટમાં પચે છતાં ભજન ન કરે તે ભગવાનનો ગુનેગાર કહેવાય. (સ્વા.વા. ૬/૨૩૯)

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તો ત્યાં સુધી કહે છે કે કોઈ એક દિ આખો ને એક રાત આખી જો અખંડ ભજન કરે તો તેને ભગવાન દેખાય. પછી એક ભક્તે દિ આખો ભજન કર્યું ને રાતે ય કરવા માંડ્યું... પછી તેને ભગવાન દેખાણા. (સ્વા.વા. ૬/૨૩૭)

પછે સંત રામદાસજીને કહ્યું જે, 'તમે વંથળી જાવ ને (આ) કાગળ કલ્યાણભાઈને દઈને આવજો. ને જાતે આવતે અખંડ ભજન કરજો. પછી એણે એમ કર્યું એટલે એને પછે મૂર્તિએ સહિત અખંડ ભજન થવા માંડ્યું. (સ્વા.વા. ૬/૨૩૮) માટે આપણે ભજનની કડકડાટી કરીને બીજું કાંઈએ પેસવા દેવું નહિ, ને ભગવાનનું રટણ કરવું તે ભેળું આ સાધુનું (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનું) પણ રટણ કરવું. તે એમ ને એમ કર્યાં કરવું. (સ્વા.વા. ૬/૧૯૯)

## દૃષ્ટાંતરૂપ પ્રસંગો

ભગવાન સ્વામિનારાયણના વિસ્તૃત જીવન ચરિત્રમાંથી ઘણાંય પ્રસંગો - ઉદાહરણો મળે છે, જે અખંડ સ્મૃતિ - અખંડ વૃત્તિ સાધનાની પુષ્ટિ કરે છે.

શ્રીહરિ કુંડળ રહ્યા ત્યારે રોજ સખાઓ સાથે ઉતાવળી નદીએ નહાવા પધારતા. ત્યાં ઉત્તર દિશામાં પાણીના ધરામાં ખૂબ પાણી હતું. તેથી શ્રીહરિ તથા સખા સર્વે ત્યાં નાહવા પડ્યા અને ખૂબ સ્નાન તથા જળક્રીડા કરી.

નાહીને શ્રીહરિ લાંબાં ચરણ કરીને બેઠા પરંતુ જેવા કાઠી ભક્તોએ ચરણ સ્પર્શ કરવા હાથ લંબાવ્યો કે તરત જ શ્રીહરિએ ચરણ પાછા ખેંચી લીધાં. તેથી એક કાઠી ભક્તે પૂછ્યું : 'મહારાજ! અમારો શો વાંક કે આપ ચરણ ખેંચી લ્યો છો?'

શ્રીહરિએ ઉત્તર આપ્યો: 'તમે સૌ અશુદ્ધ છો.'

કાઠીઓ કહે : 'નાહ્યા છતાં અશુદ્ધ?'

ત્યારે શ્રીહરિએ જણાવ્યું: 'તમે ધરામાં નાહ્યા, ધીંગામસ્તી કરી, પણ ભજન-કીર્તન કર્યાં વગર, ભગવાનને સંભાર્યા વગર! પાણીમાં નાહ્યા પણ મન તો તમારું રમતમાં રહ્યું, તેથી તમારી ક્રિયા અશુદ્ધ છે. તમારી નદીમાં નહાવાની ક્રિયા લોહીમાં સ્નાન કર્યાં તુલ્ય છે.'

શ્રીહરિના અનન્ય ભક્ત નાજા જોગિયા ભોંયરા ગામે રહેતા. આ ગામનો દરબાર વાસુરખાચર ક્રૂર હતો. તેના ગામમાં કોઈ નાનો એવો ગુનો કરે તો તેના દંડરૂપે તે તેમને કેદ કરીને ક્રૂરતાથી તેમના ઢીંચણ ભાંગી નાંખતો. નાજા જોગિયાની શ્રીહરિ પ્રત્યેની અનન્ય ભક્તિ જોઈ, એક વખત તેણે નાજા જોગિયાને ધમકી આપતાં કહ્યું: 'જો તારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો કાલે સવારે મને દર્શન દે, નહીં તો તારાય ઢીંચણ ભાંગી નાંખીશ.'

નાજા ભક્તે રાત આખી શ્રીહરિનું અખંડ ભજન કર્યું. તેના મનમાં એમ કે ભલે શ્રીહરિ કદાચ આવે કે ન આવે પણ અખંડ ભજન કરીને મારો અંતકાળ સુધારી લેવો.

આ સમયે શ્રીહરિ વીસનગરના હરિભક્તોનું દુઃખ ટાળવા ત્યાં પધાર્યા હતા. નાજાનો આર્તનાદ શ્રીહરિને અહીં સુધી પહોંચી ગયો! તેથી શ્રીહરિ વીસનગરથી નીકળી ચાલતાં બીજે દિવસે પરોઢિયે તો ભોંયરા પહોંચી ગયા અને નાજાની ડેલી ખખડાવતાં કહ્યું: 'નાજા! તારા ભજનની કડેડાટી અમારા કાન સુધી પહોંચી ગઈ. તેથી તારી રક્ષા કરવા અમે આવી ગયા છીએ.'

સવારે નાજા જોગિયા શ્રીહરિને લઈને દરબાર વાસુરખાચર પાસે આવ્યા. શ્રીહરિએ તેનાં ક્રૂર કૃત્યો બદલ તેને નરકમાં મોકલી, જમપુરીનાં દુઃખોનો અનુભવ કરાવ્યો અને યમપુરીનો માર પણ ખવરાવ્યો.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જણાવે છે: 'આ જીવ બધાય સારા છે, પણ અખંડ ચિંતવન નથી થાતું તેનું કારણ એ છે જે, અભ્યાસ કર્યો નથી,

પણ અભ્યાસે થાય.' (સ્વા.વા. ૫/૩૫)

વળી, હાલ ભગવાનનો અનુગ્રહ ઘણો છે. તે શું જે, પરાણે ભજન કરાવે છે, વર્તમાન પળાવે છે, ને વાતું સંભળાવે છે, એવા સાધુ મળ્યા છે. (સ્વા.વા. ૫/૪૬)

સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામીને નિરંતર અખંડ સ્મૃતિ રહેતી અને અખંડ મૂર્તિ દેખાયા કરતી. તેથી એક વાર તેમને પૂછ્યું : કેવી રીતે રહે છે ? ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનો કરીએ ને તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.' (સ્વા.વા. ૩/૭ અને ૬/૨૬૧)

ગઢડામાં એક વાર તાતણિયા ગામનો એક ચારણ આવેલો, ત્યારે શ્રીહરિએ તેને પૂછ્યું: 'આ સાધુઓને કેવા જાણો છો ?'

ત્યારે ચારણે કહ્યું: 'મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તે તો મોટા છે.'

ત્યારે શ્રીહરિએ કહ્યું: 'આ બીજા સાધુને કેવા સમજો છો ?'

ત્યારે તે ચારણ કહે: 'ધાનખાયા તો ઘણા ભેળા થાય છે.'

ત્યારે શ્રીહરિ કહે : 'તમે સમજો છો એવા આ સાધુ નથી. એ તો બહુ મોટા છે.' એમ કહી શાંતાનંદ સ્વામીને કહે: 'તમે સિદ્ધાનંદ સ્વામીને બોલાવો.'

પછી સિદ્ધાનંદ સ્વામીના હાથમાં કોદાળી હતી અને પરસેવો ચાલ્યો જાય તેવા ને તેવા તેડી લાવ્યા. ને જેમ મોરનું ગળું હાલે તેમ સિદ્ધાનંદ સ્વામીનું ગળું શ્રીહરિનું અખંડ ભજન કરવાથી ચાલતું હતું, તે જોઈને કાઠીઓ અને ચારણને સ્વામીનો બહુ ભાર પડ્યો. એટલે તેમણે કહ્યું : 'મહારાજ ! આ તો બહુ મોટા સાધુ છે.'

એટલે શ્રીહરિ કહે : 'સર્વે સાધુને આવી રીતે જ ભજન થાય છે ને સૌ સાધુ જે આ કામકાજ કરે છે તે તો અમને રાજી કરવા સારુ કરે છે. પણ કામકાજ કરતાં નિરંતર ભજન કર્યા કરે છે.' (શ્રીહરિચરિત્રચિંતામણિ: ૨/૧૪૪, પૃ. ૧૯૨)

સચ્ચિદાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દાજીભાઈ હતું. જ્યારથી તેમને શ્રીહરિનો યોગ થયો ત્યારથી શ્રીહરિની એ મૂર્તિ દાજીભાઈના અંતરમાં પેસી

ગઈ હતી. તેમણે આંખો મીંચી અખંડ ભજન શરૂ કરી દીધું. ત્રણ દિવસ પછી શ્રીહરિ દિવ્ય દેહે પધાર્યા. તે વખતે તેમને બંદીવાન બનાવેલા એ ઓરડામાં દર્શન દીધાં. બેડીઓ આપોઆપ છૂટી ગઈ. પ્રભુએ બંધન કાપ્યાં, ને ભેટી પડ્યા. (ભક્તચરિતમ્: ૨/૫૭, લે. સાધુ અક્ષરજીવનદાસ)

'એક વાર ચાતુર્માસમાં સૌ નિયમ લેતા હતા. તેમાં ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો નિયમ ઘણો કઠણ છે એવી વાત શ્રીહરિએ કરી. શ્રીહરિ કહે : 'ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી કઠણ છે, પણ અભ્યાસ રાખે તો કાંઈ કઠણ નથી, ફક્ત એક જ દિવસ નિર્ધાર કોઈ કરે કે સવારે ઊઠ્યા ત્યારથી તે રાત્રિએ સૂતા સુધી અખંડ વૃત્તિ રાખવી જ છે. એ પછી દૃઢતાથી મંડે ને જો એક દિવસ પણ એમ રાખે તો તેને જીવનપર્યંત અખંડ વૃત્તિ રહે.'

શ્રીહરિની આ વાત સંઘા પટેલે બરાબર ધારી લીધી, ને એ કઠણ નિયમ એમણે લીધો. બીજા દિવસથી જ પ્રારંભ કર્યો. સ્નાન-ધ્યાન, પાઠ-પૂજા ને કથા શ્રવણ સુધી તો વાંધો ન આવ્યો. પછી પ્રવૃત્તિમાં જોડાયા. કોઈએ તેમને લોટ બાંધવા બેસાર્યા. તે વૃત્તિ મૂર્તિમાં જોડાઈ રહી હોવાથી લોટમાં પાણી વધારે પડી ગયું ને ઠપકાનો ભોગ પણ બન્યા. પાળાએ આ જોયું એટલે પછી પાળાઓએ તેમને ત્યાંથી ઉઠાડીને ઘંટીએ દળવા બેસાર્યા. તેમાં પણ 'આંધળું દળે ને ચારે બાજુ દાણા ઢળે' એવી પરિસ્થિતિ સર્જાઈ.

પાળો કહે : 'આ ભગતની સાન ઠેકાણે નથી, એટલે બીજા ઓરે ને ઘંટી તાણે - એમ કરો.'

પછી સંઘા ભગતે ઘંટી ચલાવી ને મૂર્તિમાં નિમગ્ન બની ગયા. તે બપોર સુધી ઘંટીએ દળતાં થાક્યા નહીં.

જમવા બેઠા ત્યારે પણ કોઈના તરફ જોયા વગર મૂર્તિમાં મન જોડીને જમ્યા. પછી તો ઘેલામાં કપડાં ધોવા ગયા. બાવળના લીલા દાતણ કાપવા ગયા. આમ, રાત્રે સૂતા ત્યાં સુધી બધી ક્રિયામાં ખૂબ કાળજીથી ધ્યાન દઈ મૂર્તિમાં મનની વૃત્તિઓ અખંડ જોડી રાખી. બીજે દિવસે પ્રાતઃકાળમાં ઊઠ્યા ત્યારથી સ્વાભાવિક રીતે શ્રીહરિની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેવા લાગી, તે જીવનપર્યંત રહી. (ભક્તચરિતમ્: ૨/૪૯-૫૦)

ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી ભક્તરાજ કલ્યાણભાઈને શ્રીહરિમાં

અનન્ય પ્રીતિ બંધાઈ ગઈ હતી. સંસાર-વ્યવહાર તો નામ પૂરતો જ કરતા, પણ શ્રીહરિની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખતા.

એક વાર મયારામ ભટ્ટ વંથળી આવ્યા. તેમને સાથે લઈને તેઓ શ્રીહરિનાં દર્શન-સમાગમ માટે મેઘપુર આવ્યા. રસ્તામાં કલ્યાણભાઈએ શ્રીહરિની મૂર્તિનું આબેહૂબ વર્ણન કર્યું. આ સાંભળી મયારામ ભટ્ટને તેમનો વધુ મહિમા સમજાયો. તેમણે પૂછ્યું: 'કેવી રીતે તમે મૂર્તિ ધારો છો ?'

કલ્યાણભાઈ કહે: "મૂર્તિ ધારતાં પહેલાં મન-ઇન્દ્રિયોને સજ્જ કરું છું. મનને એ મૂર્તિનો અપરંપાર મહિમા સમજાવું છું - 'જો, આ ત્રિભુવનમાં ન મળે એવાં અનુપમ દર્શન કરી લે. શ્રીહરિનાં નેત્રો કેવાં છે? મુખ કેવું છે! મસ્તક, છાતી, હાથ, ચરણને નીરખી લે. તારો બેડો પાર થઈ જશે.' આમ કહીને અંગોઅંગ નીરખીને એ મૂર્તિને આત્મામાં ઠેરાવું છું. પછી સર્વે ક્રિયામાં એ મૂર્તિનું ચિંતવન કરતો રહું છું, એથી હૃદય પવિત્ર બને છે, અંતરમાં અનહદ શાંતિ છવાઈ જાય છે."

ત્યારપછી મેઘપુરમાં બંને એકધારી દૃષ્ટિ સ્થિર કરી, શ્રીહરિનાં દર્શન કરતાં કરતાં મૂર્તિ અંતરમાં ઊતારતા ગયા.

એમની આવી દર્શન કરવાની રીત, મૂર્તિ ધારવાની તરકીબ જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈ બોલી ઊઠ્યા: 'જેવાં દર્શન કરવા જોઈએ એવા આ બે જણાએ કર્યાં છે. શાસ્ત્રમાં જે રીતે ભગવાનનાં દર્શન કરવાનું કહ્યું છે તે રીતે આ બે જણાએ દર્શન કર્યાં છે. અંગોઅંગ નીરખીને દર્શન કર્યાં છે...'

કહેવાય છે કે આ પ્રસંગ પછી કલ્યાણભાઈને દિવ્ય દૃષ્ટિ થઈ ગઈ અને જ્યાં જુએ ત્યાં શ્રીહરિની મૂર્તિ પ્રત્યક્ષ દેખાતી થઈ ગઈ. તેઓ જ્યારે ઇચ્છે ત્યારે, શ્રીહરિ જે સ્થળમાં પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યાંનાં દર્શન ઘરે બેઠાં કરતા! (ભક્તચરિતમ્: ૨/૬૩-૬૫)

અંતમાં શ્રી ભગવદ્‌ગીતાના શ્લોક(૯/૨૨) સાથે આ વિષયની પૂર્ણાહુતિ કરીએ:

'अनन्यांश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम्॥'

જે ભક્તો અનન્ય ભાવે કરીને ચિંતવન કરતાં કરતાં મને નિષ્કામભાવે ઉપાસે છે, તેવા સદાય મારામાં જોડાયેલા ભક્તોનાં યોગ ને ક્ષેમની

જવાબદારીનો ભાર હું ઉપાડું છું.

આથી જ આપણે શ્રીહરિમાં અખંડ જોડાઈને, સંપૂર્ણપણે, નિશ્ચિંતપણે, અવિરતપણે તેમને સંભાર્યા કરીએ, એ જ મુક્તિનો શ્રેષ્ઠ-સરળ ઉપાય છે.

હો રસિયા મૈં તો શરન તિહારી... ૦ટેક

નહીં સાધન બલ વચન ચાતુરી,
એક ભરોસો ચરને ગિરધારી... ૧


કડઈ તુંબરિયા મૈં તો નીચ ભોમીકી,
ગુન સાગર પિયા તુમહી સંવારી... ૨

મૈં અતિ દીન બાલક તુમ શરને,
નાથ ન દીજો અનાથ વિસારી...૩

નિજ જન જાની સંભારોગે પ્રીતમ,
પ્રેમસખી નિત જાયે બલિહારી...૪

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

# વચનામૃત

## દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण
BAPS

Vachanamrutma
Ashro ane Nishchay
1 5 9 2 2
B G 3 6 8
ISBN: 978-81-7526-980-6